## Current Affairs November.-2019

### 1. November. 2019

**(૧) રાષ્ટ્રીય એક્તા દિવસ :**

- અખંડ ભારતના શિલ્પકાર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ નિમિત્તે ભારતભરમાં ૩૧ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય એક્તા દિવસ મનાવવામાં આવે છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં પ્રથમ વખત રાષ્ટ્રીય એક્તા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલના અખંડ ભારતાન સ્વપ્ન અને તેમના દેશની એકતામાં યોગદાન બદલ રન ફોર યુનિટી જેવા અલગ અલગ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.
- આ વર્ષે રાષ્ટ્રીય એક્તા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૪મી જન્મજયંતિ અવસરે ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લામાં કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શ્રદ્ધાંજલી આપી હતી.
- આ પ્રસંગે પ્રધાનમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં એક્તા પરેડનું પણ આયોજન થયું હતું.
- આ પરેડમાં ગુજરાત, જમ્મુ કાશ્મીર, આસામ, ઓરિસ્સા અને કર્ણાટક રાજ્યના પોલીસ જવાનો, એનએસજી, સીઆરપીએફ અને આઇડીબીપી જેવા દળો દ્વારા આધુનિક સાધનો દ્વારા શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.
- સ્ટેચ્યુ સાથે યુનિટીના રાષ્ટ્રર્પણની પ્રથમ વર્ષગાંઠે પ્રધાનમંત્રીશ્રી દ્વારા તેમના સંબોધનમાં જમ્મુ કાશ્મીર અને લદ્દાખના સરકારી કર્મચારીઓને તેમજ પોલીસ જવાનોને સાતમા પગાર પંચના અમલની જાહેરાત પણ કરી હતી.
- વર્ષ ૨૦૧૮માં સરદાર વલ્લભભાઈ પટેલના સન્માનમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું લોકાર્પણ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.
- તેનો શિલાન્યાસ સરદાર પટેલની ૧૩૮ મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતનાં તત્કાલિન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યો હતો.
- નર્મદા ડેમ નજીક સાધુ બેટ ખાતે બનેલી આ પ્રતિમા ૧૮૨ મીટર ઊંચી છે. આ સ્ટેચ્યૂ લાર્સન એન્ડ ટુબ્રો કંપની દ્વારા બનાવાયું છે. નોઇડા બેઝડ મૂર્તિકાર રામ. વી. સુતારે આ સ્ટેચ્યૂ ડિઝાઇન કર્યું છે.
- લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ના રોજ નડિયાદ ખાતે થયો હતો.
- તેમના માતાનું નામ લાડબા હતું, તેમના પિતાનું નામ ઝવેરભાઇ હતું.
- તેમને સરદારનું બિરૂદ બારડોલી સત્યાગ્રહ દરમ્યાન બારડોલીની મહિલાઓ દ્વારા આપવામાં આવ્યું હતું.
- તેઓ ભારતના પ્રથમ ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન તરીકે સેવા આપી ચૂક્યા છે.
- તેમનું નિધન ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ થયું હતું.
- વર્ષ ૧૯૯૧માં તેમને મરણોત્તર ભારત રત્ન સન્માન આપવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રીય એક્તા દિવસ ૨૦૧૯ થીમ – સંઘર્ષ અને વધતા જતા આંતકવાદના સમયમાં રાષ્ટ્રને એક કરવું.

**(૨) જમ્મુ કશ્મીર અને લદ્દાખ દેશના નવા કેન્દ્રશાસિત પ્રદેશ**

- ૩૧ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ જમ્મુ કાશ્મીર અને લદ્દાખ દેશના નવા કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા.
- આ સાથે જ નવા બનેલ કેન્દ્રશાસિત પરથી રાષ્ટ્રપતિશાસન હટાવી દેવાયું છે.
- દેશના ઇતિહાસમાં આ પ્રથમ ઘટના છે કે કોઇ રાજ્ય પાસેથી રાજ્યનો દરજ્જો છીનવી લઇ તેને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવામાં આવ્યો હોય.
- નવા બનેલ કેન્દ્રશાસિત પ્રદેશોના અમલ આવતાની સાથે જ દેશમાં કેન્દ્રશાસિત પ્રદેશની સંખ્યા ૯ અને રાજયોની સંખ્યા ૨૮ થઇ છે.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા બંધારણીય આદેશ (Constitution order) અધિસૂચના જાહેર કરી બંધારણના અનુચ્છેદ ૩૭૦ના ખંડ એક સિવાયના તમામ ખંડો રદ કરવામાં આવ્યા હતા.
- આ સાથે જ બંધારણના અનુચ્છેદ ૩૭૦ અને અનુચ્છેદ ૩૫ (એ) અંતર્ગત જમ્મુ કાશ્મીરને મળેલ વિશેષ દરજ્જાનો અંત આવ્યો હતો.
- આ સાથે જ કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાતના અનુસંધાનમાં જમ્મુ કાશ્મીર અને લદ્દાખને ૩૧ ઓક્ટોબર થી કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે જાહેર કર્યા હતા.
- ૩૧ ઓક્ટોબરથી જમ્મુ અને કશ્મીર પુડુચેરી જેમ વિધાનસભા સાથેના કેન્દ્રશાસિત પ્રદેશ અને લદ્દાખમાં ચંદીગઢની જેમ વિધાનસભા વિનાનું કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું છે.
- જમ્મુ કશ્મીરમાં ગિરીશ ચંદ્ર મુર્મુ અને લદ્દાખમાં રાધાકૃષ્ણ માથુરે પ્રદેશોના પ્રથમ લેફ્ટીનેન્ટ ગર્વનર (ઉપ રાજ્યપાલ) તરીકે શપથ લીધા.
- આ બંને લેફ્ટીનેન્ટ ગવર્નરોને જમ્મુ કાશ્મીર હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ગીતા મિત્તલે લેહ અને શ્રીનગર ખાતે શપથ લેવડાવ્યા હતા.

**જમ્મુ કશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ થયેલ કાયદાકીય ફેરફારો**

- જમ્મુ કાશ્મીરના નાગરિકો પાસેની બેવડી નાગરિકતાનો અંત આવ્યો હવે તેઓ માત્ર ભારતના જ નાગરિક કહેવાશે.
- જમ્મુ કાશ્મીરને અલગ ઝંડાના અધિકારનો અંત આવ્યો હવે માત્ર ભારતનો ત્રિરંગો જ રાષ્ટ્રધ્વજ.
- ભારતના રાષ્ટ્રધ્વજ અને પ્રતીકોનું અપમાન જમ્મુ કાશ્મીરમાં અપરાધ ગણાશે.
- જમ્મુ કાશ્મીરમાં દેશની સુપ્રીમ કોર્ટના તમામ આદેશો લાગુ થશે.

- જમ્મુ કાશ્મીરમાં રક્ષા, સંચાર અને વિદેશી બાબતો સહિતના કેન્દ્ર સરકારના ૧૦૬ કાયદાઓ લાગુ થશે.
- જમ્મુ કાશ્મીરમાં દેશના કોઇપણ નાગરિક જમીન મકાન જેવી તમામ સંપતિ ખરીદી શકશે.
- જમ્મુ કાશ્મીરમાં અલ્પસંખ્યાકો માટે અનામત, RTI, RTE જેવા કાયદાઓ લાગુ થશે.
- જો કોઇ કાશ્મીરી યુવતી અન્ય રાજ્યના યુવક સાથે લગ્ન કરે તો તેની કાશ્મીરી નાગરિકતા રદ થશે નહીં અને સંપતિ પણ તેની પાસે જ રહેશે.
- જો કોઇ પાકિસ્તાની યુવક સાથે કાશ્મીરી યુવતી લગ્ન કરે તો તે યુવકને કાશ્મીરની નાગરિકતા મળેતી હતી જે હવે મળશે નહીં.
- દેશના અન્ય કોઇપણ રાજ્યના ઉમેદવારો જમ્મુ કાશ્મીર રાજ્યની સરકારી નોકરી માટે અરજી કરી શકશે.
- જમ્મુ કાશ્મીર વિધાન સભાનો કાર્યકાળ ૫ વર્ષનો રહેશે.
- હાલ સુધી રાજ્યપાલ પદ અસ્તિત્વમાં હતું જે હવેથી બંને પ્રદેશોમાં ઉપ રાજ્યપાલ પદ રહેશે.
- બંને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે એક હાઇકોર્ટ રહેશે પરંતુ એડવોકેટ જનરલ અલગ અલગ રહેશે.

**(૩) ભારત અને ફ્રાંસ વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ – શક્તિ –૨૦૧૯**

- તાજેતરમાં ભારત અને ફ્રાંસ વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ શક્તિ ૨૦૧૯ની શરૂઆત થઇ.
- ભારત અને ફ્રાંસ વચ્ચે દર વર્ષે એક વખત ભારતમાં અને એક વખત ફ્રાંસમાં આ અભ્યાસનું આયોજન કરવામાં આવે છે.
- આ અભ્યાસનું પ્રથમ આયોજન વર્ષ ૨૦૧૧માં થયું હતું.
- આ વર્ષે શક્તિ ૨૦૧૯નું આયોજન રાજસ્થાનના બીકાનેર ખાતે આવેલ મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે કરવામાં આવ્યું છે.
- અભ્યાસ દરમ્યાન સંયુક્ત રીતે બંને સેના વચ્ચે સમજ અને સહયોગ વધારવા અને આતંકવાદ વિરૂદ્ધી પ્રવૃત્તિઓને નથવાણી ડ્રિલ કરવામાં આવશે.

**(૪) ભારતીય પર્યટકોને હવેથી બ્રાઝિલની મુલાકાત દરમ્યાન વિઝાની જરૂર નથી.**

- તાજેતરમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારો દ્વારા તેમની ચીન યાત્રા દરમ્યાન કરેલ જાહેરાત મુજબ ભારતીય પર્યટકોને હવેથી બ્રાઝિલની મુલાકાત દરમ્યાન વિઝાની જરૂર પડશે નહીં.
- ભારત સાથે ચીનના પર્યટકોને પણ આ સુવિધા આપવામાં આવી છે.
- ભારત બ્રાઝિલ અને ચીન બ્રિક્સ સંગઠનના સભ્યો દેશો છે.
- આ અગાઉ બ્રાઝિલ સરકાર દ્વારા અમેરિકા, કેનેડા જેવા દેશોના પર્યટકોને આવી સુવિધા આપવામાં આવી છે.
- બ્રિક્સએ બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને સાઉથ આફ્રિકા એમ પાંચ દેશોનું બનેલ આંતરરાષ્ટ્રીય સંગઠન છે.
- તેની સ્થાપના વર્ષ ૨૦૦૬માં થઇ હતી.

પ્રશ્નો

(૧) રાષ્ટ્રીય એકતા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૩૧ ઓક્ટોબર

૨ ભારત સરકાર દ્વારા પ્રથમ વખત ક્યારે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી ?
- વર્ષ -૨૦૧૪

૩ ગુજરાતમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી કયાં આવેલું છે ?
- કેવડીયા કોલોની, નર્મદા

૪ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું લોકાર્પણ કયાં વર્ષમાં અને કોના હસ્તક કરવામાં આવ્યું હતું ?
- ૨૦૧૮, નરેન્દ્ર મોદી

૫ સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ કયાં અને ક્યારે થયો હતો ?
- ૩૧ ઓક્ટોબર ૧૮૭૫, નડિયાદ

૬ વલ્લભભાઇ પટેલને 'સરદાર' નું બિરૂદ કયા સત્યાગ્રહ દરમિયાન મળ્યું હતું ?
- બારડોલી સત્યાગ્રહ

૭ રાષ્ટ્રીય એકતા દિવસ -૨૦૧૯ની થીમ જણાવો ?
- સંઘર્ષ અને વધતા જતા આંતકવાદના સમયમાં રાષ્ટ્રને એક કરવું

૮ હાલ ભારતમાં કુલ કેન્દ્રશાસિત પ્રદેશ અને રાજ્યની સંખ્યા જણાવો ?
- ૯ કેન્દ્રશાસિત, ૨૮ રાજ્યો

૯ જમ્મુ કાશ્મીરમાં કયા રાજ્યપાલ તરીકે કોણે શપથ લીધા ?
- ગિરીશ ચંદ્ર મુર્મુ

૧૦ શક્તિ -૨૦૧૯ યુદ્ધ અભ્યાસ કયા બે દેશ વચ્ચે યોજાયો હતો ?
- ભારત અને ફ્રાંસ

૧૧ બ્રિક્સની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૨૦૦૬

૧૨ બ્રિક્સમાં કુલ કેટલા દેશો સમાવિષ્ટ છે ?
- પાંચ

## 2. November. 2019

**(૧) જર્મનીના ચાન્સેલર એંજેલા મર્કલની ભારત મુલાકાત**

- તાજેતરમાં જર્મનીના ચાન્સેલર એંજેલા મર્કલ પોતાની બે દિવસીય ભારત મુલાકાતે આવ્યા હતા.
- તેમની ભારત મુલાકાત દરમ્યાન ભારત અને જર્મની વચ્ચે પ્રવાસન, આયુર્વેદ અને યોગ, વ્યવસાય તથા

Vivekanand Academy Gandhinagar

**સમુદ્રી ટેકનૉલોજિ સહિતના ક્ષેત્રે ૧૭ MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.**
- **બંને રાષ્ટ્રો વચ્ચે પાંચ સંયુક્ત ઘોષણપત્રોનું આદાન પ્રદાન કરવામાં આવ્યું જેમાં વ્યુહાત્મક પરિયોજના પર સહમતી, ગ્રીન સિટી વિકાસમાં ભાગીદારી, આર્ટિફિશિયલ ઇંટેલિજેન્સના વિકાસ અને સમુદ્રી કચરાના નિકાલ હેતુએ સહયોગનો સમાવેશ થાય છે.**
- **ચાન્સેલર એંજેલા મર્કલ યાત્રા દરમ્યાન તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાથે ૫માં આંતર – સરકારી સંવાદની સહ અધ્યક્ષતા કરી હતી.**
- **એંજેલા મર્કલએ પોતાની આ યાત્રા દરમ્યાન રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ સાથે પણ મુલાકાત કરી હતી.**

**(૨) કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અંગેના કાયદાને મંજૂરી આપનાર દેશનું પ્રથમ રાજ્ય તામિલનાડુ**
- **તાજેતરમાં તામિલનાડુ રાજ્ય સરકાર દ્વારા કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અંગેના કાયદાને મંજૂરી આપવામાં આવી.**
- **તામિલનાડુ આ કાયદાને મંજૂરી આપનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.**
- **આ કાયદા સાથે કૃષિ ઉપજ, પશુધન, ખેતી અને સેવા અધિનિયમને પણ મંજૂરી આપવામાં આવી છે.**
- **આ કાયદા અંતર્ગત બજાર મૂલ્યમાં તેજી મંદી આવ્યાની સ્થિતિમાં ખેડૂતોના લાભનું રક્ષણ થશે.**
- **કાયદા અંતર્ગત ખેડૂત અને ખરીદનારને થતાં પાકની અને પાકના કચરાનું નક્કી કરેલ મૂલ્ય ચૂકવવામાં આવશે.**

**(૩) સિવિલ સેવા માટે આરંભ નામના પ્રથમ ફાઉન્ડેશન કોર્ષની શરૂઆત**
- **તાજેતરમાં ભારત સરકાર દ્વારા ગુજરાતના કેવડીયા ખાતે આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સિવિલ સેવા માટે આરંભ નામના પ્રથમ ફાઉન્ડેશન કોર્ષની શરૂઆત કરવામાં આવી.**
- **આ કોર્સ અંતર્ગત નવી ભરતી પામેલ ૫૦૦ નવા અમલદારોને છ દિવસીય પ્રશિક્ષણ આપવામાં આવશે.**
- **આ કોર્સને ૩૧ ઓક્ટોબરના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં લોન્ચ કરવામાં આવ્યો હતો.**

**(૪) વૌઠા ખાતે રાજ્યનો સૌથી મોટા પશુ મેળાનું આયોજન**
- **તાજેતરમાં ગુજરાતના અમદાવાદ જિલ્લાના વૌઠા ખાતે રાજ્યના સૌથી મોટા પશુ મેળાનું આયોજન થયું હતું.**
- **આ મેળાનું આયોજન દર વર્ષે દિવાળી તહેવાર દરમ્યાન કારતકી અગિયારસ થી પુનમ દરમ્યાન કરવામાં આવે છે.**
- **આ મેળો ગધેડાની લે વેચ માટે જાણીતો છે.**
- **વૌઠા ખાતે સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, શેઢી, માઝમ અને મેશ્વો નદીનું સંગમ થાય છે.**

**(૫) BHIM એપના નવા વર્ઝનનું લોન્ચિંગ**
- **તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા BHIM એપ્લીકેશનનું નવું વર્ઝન BHIM 2.0 લોન્ચ કરવામાં આવ્યું.**
- **લોન્ચ કરવામાં આવેલ નવા વર્ઝનમાં નવી ત્રણ પ્રાદેશિક ભાષાઓ ઉમેરવામાં આવી જેમાં હરિયાણવી, કોંકણી અને ભોજપુરીનો સમાવેશ થાય છે.**
- **એપ માફરતે યુઝર્સ પોતાના વિવિધ બેન્ક એકાઉન્ટને લિન્ક કરી શકશે.**
- **કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં બાબા સાહેબ આંબેડકરની યાદમાં લોન્ચ કરવામાં આવી હતી.**
- **તેનું પુરૂનામ :BHARAT INTERFACE FOR MONEY APP છે.**

**(૬) વિજય હજારે ક્રિકેટ ટ્રોફી :**
- **તાજેતરમાં દેશમાં વિજય હજારે ક્રિકેટ ટ્રોફી ૨૦૧૯ – ૨૦ નું આયોજન કરવામાં આવ્યું હતું.**
- **આ ટ્રોફીમાં કર્ણાટકનો વિજય થયો હતો.**
- **કર્ણાટકે આ ટ્રોફી પર ચોથી વખત જીત મેળવી છે.**
- **આ ટ્રોફીનું આયોજન પૂર્વ ભારતીય ક્રિકેટર વિજય હજારેના સન્માનમાં કરવામાં આવે છે.**
- **વિજય હજારે ક્રિકેટ ટ્રોફી દેશની ઘરેલુ વન ડે ટુર્નામેન્ટ છે જેનું પ્રથમ આયોજન વર્ષ ૨૦૦૨– ૦૩ માં કરવામાં આવ્યું હતું.**
- **આ ટ્રોફીમાં સૌથી વધુ વખત જીત તમિલનાડુ ટીમે મેળવી છે.**

પ્રશ્નો (૨-૧૨-૧૯)

(૧) જર્મનીના ચાન્સેલરનું નામ જણાવો ?
- એંજેલા મર્કલ

૨ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અંગેના કાયદાને મંજૂરી આપનાર ભારતનું પ્રથમ રાજ્ય જણાવો ?
- તામિલનાડુ

૩ સિવિલ સેવા માટે શરૂ થનાર પ્રથમ ફાઉન્ડેશન કોર્ષનું નામ જણાવો ?
- આરંભ

૪ 'આરંભ' ફાઉન્ડેશન કોર્ષ કોની અધ્યક્ષતામાં લોન્ચ કરવામાં આવ્યો ?
- નરેન્દ્ર મોદી

૫ ગુજરાતનો સૌથી મોટો પશુ મેળાનું નામ જણાવો ?
- વૌઠાનો મેળો

૬ વૌઠાનો મેળો દર વર્ષે ક્યારે યોજાય છે ?
- કારતકી અગિયારસથી પુનમ

૭ BHIM એપનું પુરૂનામ જણાવો ?
- Bharat Interface for money App

૮ વિજય હજારે ટ્રોફી -૨૦૧૯-૨૦ વિજેતા જણાવો ?
- કર્ણાટક

**3. November. 2019**

(૧) **મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો ઉઝબેકિસ્તાન પ્રવાસ :**
- તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી પોતાની પાંચ દિવસીય યાત્રા પર ઉઝબેકિસ્તાન ખાતે ગયા હતા.
- ઉઝબેકિસ્તાન યાત્રા દરમ્યાન મુખ્યમંત્રીશ્રીએ ઉઝબેકિસ્તાનના અંદીજાન ખાતે શ્રી સરદાર પટેલ સ્ટ્રીટના નામકરણ અને શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.
- આ યાત્રા દરમ્યાન તેમણે અંદીજાનના ગવર્નર સાથે અંદીજાનમાં આવેલ ઉઝબેક ઇન્ડિયા ફ્રી ફાર્મા ઝોનમાં સ્થાપનાર Cadila Pharmaceutical Plantનું ભૂમિપૂજન કર્યું હતું.
- તેમણે અંદીજાન ખાતે ઓપન અંદીજાન ૨૦૧૯ ઈન્ટરનેશનલ ઇન્વેસ્ટમેન્ટ ફોરમનું સંબોધન પણ કર્યું હતું.
- યાત્રા દરમ્યાન મુખ્યમંત્રીશ્રીએ ઉઝબેકિસ્તાનની પ્રથમ સ્વતંત્ર ખાનગી યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- આ યુનિવર્સિટી ભારતના શારદા ગ્રૂપ દ્વારા બનાવવામાં આવી છે.
- મુખ્યમંત્રીશ્રીએ તેમની આ યાત્રા દરમ્યાન ઉઝબેકિસ્તાન રાજધાની તાશ્કંદ ખાતે ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ભારતીય રાજદુતાવાસ દ્વારા આયોજિત મહાત્મા ગાંધી જીવન કવચ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- આ સાથે જ તેમણે ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિશ્રી શવકાર મિરઝીયોયેવ સાથે બેઠક પર કરી હતી.

(૨) **પૂર્વ મુખ્યમંત્રીશ્રી દિલિપભાઇ પરીખનું નિધન :**
- ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી દિલિપભાઇ પરીખનું તાજેતરમાં અમદાવાદ ખાતે નિધન થયું.
- તેમનો જન્મ વર્ષ ૧૯૩૭માં મુંબઇ ખાતે થયો હતો.
- તેમનું પુરૂનામ દિલિપભાઈ રમણભાઇ પરિખ છે.
- તેઓએ વર્ષ ૧૯૯૭–૯૮ દરમ્યાન ગુજરાત રાજ્યના ૧૩માં મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.
- વર્ષ ૧૯૯૫–૯૭ દરમ્યાન રાજ્યના ઉધોગમંત્રી રહ્યા હતા.

(૩) **પશુધન વસતી ગણતરી રિપોર્ટ –૨૦૧૯**
- તાજેતરમાં કેન્દ્ર સરકારના પશુપાલન વિભાગ દ્વારા પશુધન વસતી ગણતરી રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- દેશમાં વર્ષ ૧૯૧૯–૨૦ થી દર પાંચ વર્ષે આ રિપોર્ટ જાહેર કરવામાં આવે છે.
- આ વર્ષે ૨૦ મી પશુ ગણતરી કરવામાં આવી હતી.
- આ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૨ કરતાં વર્ષ ૨૦૧૯ માં દેશમાં ૪.૬ ટકા પશુઓનો વધારો થયો છે.
- રિપોર્ટ અનુસાર દેશમાં સૌથી વધુ પશુઓમાં વધારો પશ્ચિમ બંગાળ રાજ્યમાં થયો છે. જે ૨૩ ટકા છે.
- વર્ષ ૨૦૧૨ માં કરવામાં આવેલ પશુ ગણતરી દેશની ૧૯ મી પશુ વસતી ગણતરી હતી.
- દેશમાં પશુ વસતી ગણતરી અંતર્ગત ગાય, ભેંસ, ઊંટ, ઘોડા, બકરી, ઘેટાં જેવા પાલતું પશુઓની ગણતરી કરવામાં આવે છે.

(૪) **BSNL અને MTNL કંપનીના મર્જરને મંજૂરી :**
- તાજેતરમાં નવી દિલ્હી ખાતે મળેલ કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં BSNL અને MTNL કંપનીના મર્જરને મંજૂરી આપવામાં આવી.
- બંને કંપનીઓના મર્જર બાદ કેન્દ્ર સરકાર દ્વારા તેના વિકાસ માટે ૬૮, ૭૫૧ કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કર્યું છે.
- BSNL- Bharat Sanchar Nigam Limited
- સ્થાપના : ઓક્ટોબર ૨૦૦૦
- વડુમથક – નવી દિલ્હી
- MTNL - Mahanagar Telephone Nigam Limited
- સ્થાપના – એપ્રિલ ૧૯૮૬
- વડુમથક – નવી દિલ્હી

(૫) **દેશના ફ્યુઅલ રિટેલ સેક્ટરમાં નિયમોમાં ફેરફાર :**
- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશના ફ્યુઅલ રિટેલ સેક્ટરમાં સુધારો કરવામાં આવ્યો.
- જે અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા નવા પેટ્રોલ પંપના નિર્માણ અને શરૂ કરવાના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે.
- નિયમોમાં થયેલ ફેરફાર બાદ હવે કેન્દ્ર સરકાર દ્વારા નોન ઓઇલ કંપનીઓને પણ મંજૂરી આપવામાં આવશે.
- નવા નિયમો મુજબ દેશમાં ૨૫૦ કરોડનું નેટવર્થ ધરાવતી કંપનીઓ પેટ્રોલ અને ડીઝલનું વેચાણ કરી શકશે.
- હાલ દેશમાં લાગભગ ૬૫૦૦૦ જેટલો પેટ્રોલપંપ કાર્યરત છે.

પ્રશ્નો (૩-૧૨-૧૯)

(૧) ઉઝબેકિસ્તાનના અંદીમન ખાતે વલ્લભભાઈ પટેલ સ્ટ્રીટના નામકરણ અને તેમની પ્રતિમાનું અનાવરણ કોણે કર્યું હતું ?
- વિજયભાઈ રૂપાણી

૨ ઉઝબેકિસ્તાનની પ્રથમ સ્વતંત્ર ખાનગી યુનિવર્સિટી ભારતના કયા ગ્રુપ દ્વારા બનાવવામાં આવી હતી ?
- શારદા ગ્રુપ

૩ ઉઝબેકિસ્તાનની રાજધાની જણાવો ?
- તાશ્કંદ

૪ દિલિપભાઈ પરીખનો ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે કેટલા વર્ષે સેવા આપી છે ?
- વર્ષ ૧૯૯૭-૧૯૯૮

Vivekanand Academy Gandhinagar

૫ પશુધન વસતી ગણતરી રિપોર્ટ ૨૦૧૯ અનુસાર ૨૦૧૨ કરતાં ૨૦૧૯માં કુલ કેટલા ટકાનો વધારો થયો ?

- ૪.૬%

૬ પશુધન વસતી ગણતરી રિપોર્ટ -૨૦૧૯ આ વખતનો ક્રમ જણાવો ?

- ૨૦ મો

૭ MTNL નું પુરૂનામ જણાવો ?

- Mahanagar Telephone Nigam Limited

## 4. November. 2019

**(૧) એસ.એ. બોબડે – દેશની સુપ્રીમ કોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ :**

- તાજેતરમાં દેશની સુપ્રીમ કોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી એસ.એ. બોબડેની નિમણૂક કરવામાં આવી.
- તેમની નિમણૂક દેશના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા કરવામાં આવી.
- તેઓ સુપ્રીમ કોર્ટના ૪૭માં મુખ્ય ન્યાયધીશ તરીકે શ્રી રંજન ગોગોઇનું સ્થાન લેશે.
- દેશની સુપ્રીમ કોર્ટના ૪૭માં મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડેનું પુરૂનામ શરદ અરવિંદ બોબડે છે.
- તેમનો જન્મ વર્ષ ૧૯૫૬માં મહારાષ્ટ્રના નાગપુર ખાતે થયો હતો.
- તેમણે તેમની વકીલ તરીકેની કારકીર્દિ વર્ષ ૧૯૭૮માં નાગપુર બેન્ચના વકીલ તરીકે કરી હતી.
- વર્ષ ૨૦૧૩માં તેઓ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બન્યા હતા આ અગાઉ તેઓ મહારાષ્ટ્રના મુખ્ય ન્યાયાધીશ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

**લાયકાતો : સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમણૂક પામનાર વ્યક્તિ**

- ભારતની નાગરિક હોવી જોઇએ.
- ભારતની કોઇપણ વડી અદાલતમાં ન્યાયાધીશ તરીકે ઓછામાં ઓછાં પાંચ (૫) વર્ષ સુધી સેવા બજાવી હોય અથવા
- કોઇપણ વડી અદાલતમાં ઓછામાં ઓછા દસ (૧૦) વર્ષ સુધી વકીલ તરીકે વકીલાતનો અનુભવ ધરાવતી હોય અથવા
- રાષ્ટ્રપતિના મતમુજબ તે નામાંકિત ન્યાયવિદ્ કે પ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી હોવી જોઇએ તથા
- તે વ્યક્તિ (૬૫) પાંસઠ વર્ષ કે તે કરતાં વધુ ઉંમર ધરાવતી ન હોવી જોઇએ.

**સમયાવધિ :**

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની નિવૃત્તિવય ૬૫ વર્ષ કે નિર્ધારિત કરવામાં આવી છે. જો કે સંસદ તેમાં કાયદો ઘડીને ફેરફાર કરી શકે છે. નિવૃત્તિ બાદ તેઓ ભારતની કોઇપણ અદાલતમાં વકીલાત કરી શકતા નથી પરંતુ અસાધારણ સંજોગોમાં કે પ્રસંગોમાં તપાસ માટે નીમાયેલ તપાસપંચોની કામગીરી તેઓ કરી શકે છે. તેઓ નિવૃત્તિ મુદ્દત પહેલાં પોતાની ફરજો અદા કરવામાં અશક્તિમાન હોય તો સ્વેચ્છાએ લેખિત રાજીનામું રાષ્ટ્રપતિને આપીને ફરજમાંથી મુક્ત થઇ શકે છે. પરંતુ પોતાની અયોગ્યતા સાબિત થવાથી, ગેરવર્તુણૂક કે બિનકાર્યક્ષમતાને કારણે પરથી દૂર કરવાના સંજોગોમાં તેમજ બંધારણીય મર્યાદાઓના ભંગ કરવાનાં કારણોસર કે ગંભીર ગેરરીતિ કે ભ્રષ્ટ્રાચાર આચરવાના આક્ષેપોસર તેમની સામે સંસદમાં ‘મહાભિયોગ’ ની કાર્યવાહીથી ન્યાયાધીશને હોદ્દા પરથી બરતરફ કરી શકાય. તે માટેની કાર્યવાહી આ પ્રમાણે છે. સંસદના દરેક ગૃહે તે ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમતીના તથા તે ગહ્મં હાજર રહીને મત આપનાર ઓછામાં ઓછા ૨/૩ (બે તૃતીયાંશ) સભ્યોની બહુમતીના ટેકાવાળું નિવેદનને રાષ્ટ્રપતિ સમક્ષ જે– તે સત્રમાં રજૂ કરાયેલ હોય તે પરથી રાષ્ટ્રપતિના હુકમના આધારે હોદ્દા પરથી દૂર કરી શકાય છે. સંસદ ન્યાયાધીશના ગેરવર્તન અંગેનું નિવેદન રજૂ કરવા માટેની અને તપાસની કાર્યવાહી તેમજ સાબિતી માટેની કાર્યવાહીનું નિયમન કરશે. સંબંધિત ન્યાયાધીશને સંસદમાં હાજર રહીને પોતાના બચાવમાં પોતાનું નિવેદન રજૂ કરવાની તક આપવામાં આવી છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓને હોદ્દો ગ્રહણ કરતા પહેલાં રાષ્ટ્રપતિ હોદ્દાની ગુપ્તતા અને બંધારણ પ્રત્યે વફાદાર રહેવાના શપથ લેવડાવે છે અને તેઓએ પ્રતિજ્ઞાપત્ર પર સહી કરવી પડે છે.

**સર્વોચ્ચ અદાલતની સત્તાઓ અને કાર્યક્ષેત્ર :**

- ભારતની સર્વોચ્ચ અદાલત દુનિયાની કોઇપણ સર્વોચ્ચ અદાલતો કરતાં વિશેષ સત્તાઓ અને વિશાળ કાર્યક્ષેત્ર ધરાવે છે. આ કાર્યક્ષેત્રને મૂળભૂત ક્ષેત્રાધિકાર, વિવાદ ક્ષેત્રાધિકાર, સલાહકારી ક્ષેત્રાધિકાર એમ ત્રણ પ્રકારમાં વહેંચી શકાય છે.

(૧) મૂળભૂત ક્ષેત્રાધિકાર : જ્યારે અદાલતને સૌ પ્રથમ જ તકરાર સાંભળીને નિર્ણય આપવાની સત્તા હોય તેને મૂળ અધિકાર ક્ષેત્ર (મૌલિક હકૂમત) કહેવાય છે અને કેસનો નિર્ણય કરવાની સત્તા જે અન્ય કોઇ અદાલતોને નથી તે સર્વોચ્ચ અદાલતને છે. આ અધિકાર ક્ષેત્રમાં નીચેના પક્ષકારો હોવા જોઇએ જેમના વિવાદનું નિરાકરણ કરવાની સત્તા ધરાવે છે.

(૧) સંઘ સરકાર અને એક કે તેથી વધુ રાજ્યો વચ્ચેના ઝઘડા કે વિવાદનું નિવારણ કરવાની સત્તા ધરાવે છે.

(૨) એક તરફ ભારત સરકાર અને એક કે તેથી વધુ રાજ્યો બીજી તરફ એક કે તેથી વધુ અન્ય રાજ્યો વચ્ચેના મતભેદો કે તકરારો કે સંઘર્ષનો ઉકેલ લાવવાની સત્તા

(૩) બે કે તેથી વધુ રાજ્યો વચ્ચેની એટલે કે રાજ્યો – રાજ્યો વચ્ચેની તકરાો કે ઝઘડાઓના સંદર્ભે ચુકાદો આપવાની સંપૂર્ણ સત્તા ધરાવે છે.

(૪) સર્વોચ્ચ અદાલતને સંઘ સરકારના કોઇપણ કાયદાના કે બંધારણીય કાયદેસરતાને લગતા તમામ પ્રશ્નો અંગેના ચુકાદા આપવાનો અધિકાર છે.

Vivekanand Academy Gandhinagar

(૫) આ અદાલતને નાગરિકોના મૂળભૂત હકોના રક્ષણ અને જતન કરવાની સત્તા ઉપરાંત મૂળભૂત હકોના ભંગ બદલ હાજર હુકમ અધિકાર હુકમ કે પ્રતિબંધ હુકમ વગેરે બહાર પાડવાની સત્તા છે

રાજ્ય – રાજ્ય વચ્ચેના કે રાજ્યો – રાજ્ય કે રાજ્ય – રાજ્યો કે રાજ્યો – રાજ્યો વચ્ચેના નદીના પાણીની વહેંચણી, ઉપયોગ બાબતેના વિવાદો ઉકેલવાની સત્તા સર્વોચ્ચ અદાલતની હકૂમત બહાર છે. તે માટે અલગ 'પાણી ન્યાયપંચ' (ટ્રિબ્યુનલો) ચુકાદા આપે છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અંતિમ હોય છે, તે અન્યત્ર પડકારી શકાતા નથી. તે બધા માટે શિરોમાન્ય હોય છે.

**સુપ્રીમ કોર્ટ :**

- સ્થાપના : ૧ ઓક્ટોબર ૧૯૩૫ (અંગ્રેજો દ્વારા ફેડરલ કોર્ટ ઓફ ઇન્ડિયા)
- સ્વતંત્રતા બાદ સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા તરીકે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦ થી કાર્યરત છે.
- સુપ્રીમ કોર્ટની સ્થાપના અનુચ્છેદ ૧૨૪ અંતર્ગત કરવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટ બંધારણના વાલી તરીકે કાર્ય કરે છે. સુપ્રીમ કોર્ટનું આદર્શ વાક્ય 'યતો ધર્મસ્તતો જય' છે.

**રંજન ગોગોઇ :**

- રંજન ગોગોઇ સુપ્રીમ કોર્ટના ૪૬માં મુખ્ય ન્યાયાધીશ તરીકે ૩ ઓક્ટોબર ૨૦૧૮ થી કાર્યરત છે.
- તેમનો કાર્યકાળ ૧૩ મહિના ૧૩ દિવસનો રહ્યો હતો.
- તેમણો જન્મ ૧૮ નવેમ્બર ૧૯૫૪ના રોજ આસામના ડિબ્રુગઢમાં થયો હતો.
- તેઓ વર્ષ ૧૯૭૮માં બાર કાઉન્સિલમાં જોડાયા હતા.
- ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૧માં રોજ તેમને ગુવાહાટી હાઇકોર્ટના સ્થાયી જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- ફેબ્રુઆરી ૨૦૦૧ના રોજ તેમને ગુવાહાટી હાઇકોર્ટના સ્થાયી જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ તેમને પંજાબ હરિયાણા હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બનાવવામાં આવ્યા હતા.
- ત્યારબાદ પ્રમોશન પછી એપ્રિલ ૨૦૧૨માં જસ્ટિસ ગોગોઇને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બનાવવામાં આવ્યા.
- તેઓ પૂર્વોત્તર ભારતમાંથી આવતા દેશના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા.

**(૨) રગ્બી વર્લ્ડ કપ – ૨૦૧૯**

- તાજેતરમાં જાપાન ખાતે નવમાં રગ્બી વર્લ્ડ કપ ૨૦૧૯નું આયોજન થયું હતું.
- આ વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકા ચેમ્પિયન બન્યું છે તેણે કુલ ત્રણ વખત આ ટાઇટલ જીત્યું.
- આ વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાએ ઇંગ્લેન્ડને હરાવી ટાઇટલ જીત્યું હતું.
- રગ્બી વર્લ્ડ કપનું આયોજન દર ચાર વર્ષે કરવામાં આવે છે.
- વર્લ્ડ કપનું પ્રથમ આયોજન વર્ષ ૧૯૮૭માં ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ખાતે થયું હતું તેમાં ન્યુઝીલેન્ડ પ્રથમ વખત વિજેતા બન્યું હતું.
- આ વર્લ્ડ કપમાં હાલ સુધીમાં દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ સૌથી વધુ ત્રણ ત્રણ વખત જીત મેળવી છે.

**(૩) વિશ્વની પ્રથમ હ્યુમનોઇડ રોબોટ દ્વારા દિલ્હી ખાતે પેન્ટિંગ**

- તાજેતરમાં દેશની રાજધાની નવી દિલ્હી ખાતે ૨૮ મી IEEEE કોન્ફરન્સ ઓન રોબોટ એન્ડ હ્યુમન ઇન્ટરએક્ટિવ કોમ્યુનિકેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારતમાં પ્રથમ વખત IEEEE કોન્ફરન્સ ઓન રોબોટ એન્ડ હ્યુમન ઇન્ટરએક્ટિવ કોમ્યુનિકેશનનું આયોજન થયું હતું.
- આ કોન્ફરન્સમાં રોબોટ સોફિયાએ પેન્ટિંગ કર્યું હતું. સોફિયા વિશ્વની પ્રથમ હ્યુમનોઇડ રોબોટ છે જેને વર્ષ ૨૦૧૭માં સાઉદી અરેબિયાનું નાગરિકત્વ મળેલું છે.
- સોફિયા રોબોર્ટનું નિર્માણ હોંગકોંગની હેંસન રોબોટિક્સ કંપની દ્વારા કરવામાં આવ્યું છે.

પ્રશ્નો (૪-૧૨-૧૯)

(૧) દેશની સુપ્રીમ કોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશનું નામ જણાવો ?
- એસ.એ. બોબડે

૨ મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડે નો ક્રમ જણાવો ?
- ૪૭ મો

૩ સુપ્રીમ કોર્ટની સ્થાપના કયાં અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવી છે ?
- એ -૧૨૪

૪ પુર્વોત્તર ભારતમાંથી આવતા દેશના પ્રથમ મુખ્ય ન્યાયાધીશનું નામ જણાવો ?
- રંજન ગોગોઇ

૫ ૯ માં રગ્બી વર્લ્ડ કપ-૨૦૧૯નું આયોજન કયાં થયું હતું ?
- જાપાન

૬ રગ્બી વર્લ્ડ કપ-૨૦૧૯ વિજેતા ટીમ જણાવો ?
- દક્ષિણ આફ્રિકા

૭ સાઉદી અરેબિયાએ સોફિયા રોબોટને નાગરિકત્વ ક્યારે આપ્યું હતુ ?
- ૨૦૧૭

## 5. November. 2019

**(૧) વિશ્વ સુનામી જાગૃતિ દિવસ**

- દર વર્ષે ૫ નવેમ્બરના રોજ વિશ્વભરમાં વિશ્વ સૂનામી જાગૃતિ દિવસ મનાવવામાં આવે છે.

- આ દિવસ વિશ્વભરમાં સુનામી વિષે જાગરુકતા ફેલાવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.
- પ્રથમ વખત વર્ષ ૨૦૧૫માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બનાવવામાં આવે છે.

ત્સુનામી : સમુદ્રમાં પેદા થતાં વિનાશક શક્તિશાળી મોજાંને ત્સુનામી કહે છે. જેની ઉત્પતિ સમુદ્ર કે મહાસાગર તળમાં સાત કે તેથી વધુ રીએક્ટર સ્કેલની તીવ્રતા ધરાવતા ભૂકંપો દ્વારા અથવા સમુદ્રી જ્વાળામુખીના પ્રસ્ફોટનથી કે મોટા પાયા પરનાં સાગરીય ભૂસ્ખલનથી થાય છે.

- ત્સુનામી શબ્દનો અર્થ જાપાનીઝ ભાષામાં વિનાશક મોજાં એવો થાય છે. મોટેભાગે ત્સુનામીની ઉત્પત્તિ સમુદ્રતળના ભૂકંપો દ્વારા જ થાય છે. તેથી તેને ભૂકંપીય સાગરમોજાં તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મોજાં તેના ઉદ્ભવસ્થાનેથી વલયાકાર સ્વરૂપે તીવ્ર ગતિએ પ્રસરે છે. ઊંડા સમુદ્રોમાં તે ઓછી ઊંચાઇને કારણે નજરે પડતાં નથી પણ કિનારાની નજીક અને છીછરા સમુદ્ર ક્ષેત્રમાંથી પસાર થતાં તે વિનાશકારી સ્વરૂપ ધારણ કરે છે. તેની ઝડપ કિનારા પાસે ઓછી થાય છે અને ઊંચાઇ વધી જાય છે. આ જ કારણથી કિનારાનાં ક્ષેત્રોમાં પાણીની એક દીવાલ બની આગળ વધી ભારે તબાહી મચાવે છે.

૨૬ ડિસેમ્બર ૨૦૦૪ના રોજ હિંદ મહાસાગરમાં આવેલા મહાવિનાશક ત્સુનામીએ થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, ભારત, શ્રીલંકા સહિતના દક્ષિણ- પૂર્વ એશિયાના દેશોમાં લગભગ ૨ લાખથી વધારે લોકોનો ભોગ લીધો હતો.

આધુનિક સાધનોની મદદથી ત્સુનામીની પૂર્વસૂચના અને તેના આવવાના સમયના ચોક્કસ અંદાજો કાઢી શકાય છે. તેથી ભવિષ્યમાં હજુ પણ આ અંગે સાવચેતી દાખવી જાનહાનિ અટકાવી શકાશે.

**(૨) દેવધર ક્રિકેટ ટ્રોફી – ૨૦૧૯-૨૦**

- તાજેતરમાં ૩૧ ઓક્ટોબર થી ૪ નવેમ્બર દરમ્યાન ઝારખંડના રાંચિ ખાતે દેવધર ક્રિકેટ ટ્રોફી ૨૦૧૯- ૨૦ નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ટુર્નામેન્ટમાં ઇન્ડિયા બી ટીમની જીત થઇ છે. તેણે ઇન્ડિયા સીને પરાજિત કરી આ ટાઇટલ જીત્યું.
- ઇન્ડિયા બી ટીમના કેપ્ટન પાર્થિવ પટેલ છે.
- આ ટુર્નામેન્ટનું આયોજન ભારતીય ક્રિકેટના ગ્રાન્ડ ઓલ્ડ મેન તરીકે જાણીતા પ્રો.ડી.બી. દેવધરના નામ પર વર્ષ ૧૯૭૩-૭૪ થી યોજવામાં આવે છે.

**(3) ૩૫ મી અસિયાન સમીટ :**

- તાજેતરમાં ૩૧ ઓક્ટોબર થી ૫ નવેમ્બર દરમ્યાન થાઇલેન્ડના બેંગકોક ખાતે ૩૫ મી અસિયાન સમીટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- સમિટમાં ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો.
- તેમણે સમિટ દરમ્યાન યોજાયેલ વિવિધ બેઠકોમાં પણ હાજર રહ્યા હતા.
- આ સમિટ દરમ્યાન ૧૬માં ભારત અસિયાન શિખર સંમેલન ૨૦૧૯નું આયોજન થયું.
- આ સંમેલનમાં ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી હાજર રહ્યા હતા.
- આ ઉપરાંત બેંગકોક ખાતે યોજાયેલ સ્વાસદી પીએમ મોદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું હતું.
- આ કાર્યક્રમ દરમ્યાન પ્રધાનમંત્રીશ્રીએ શ્રી ગુરૂનાનક દેવની ૫૫૦ મી જન્મજયંતિ નિમિત્તે સ્મારક સિક્કાનું અનાવરણ કર્યું હતું.
- ASEAN (આસિયાન) દક્ષિણ પૂર્વ એશિયાના ૧૦ દેશોનું સંગઠન છે.
- જેની સ્થાપના વર્ષ ૧૯૬૭માં બેંગકોક ખાતે કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય ઇન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલ છે.
- અસિયાન સંગઠનના સભ્ય દેશો – થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, બ્રુનેઇ, કંબોડિયા, લાઓસ, મ્યાનમાર, મલેશિયા, સિંગાપોર, ફિલિપાઇન્સ અને વિયેતનામ છે.
- ASEAN- Association of Southeast Asian Nations

**(૪) સેન્ટ કીટ્સ એન્ડ નેવીસ તથા ઇરિટ્રિયા – આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન :**

- તાજેતરમાં સેન્ટ કીટ્સ એન્ડ નેવીસ તથા ઇરિટ્રિયા દેશ દ્વારા આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન માટેના રૂપરેખા કરાર હસ્તાક્ષર કર્યા.
- આ બંને દેશ દ્વારા કરવામાં આવેલ હસ્તાક્ષર બાદ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની સભ્ય સંખ્યા ૮૩ થઇ છે.

**આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન :**

- આ ગઠબંધનની શરૂઆત ભારત દ્વારા ભવિષ્યમાં ઉર્જાની જરૂરતો પૂરો કરવાના ઉદ્દેશથી કરવામાં આવી હતી.
- તેની શરૂઆત સંયુક્ત રીતે ૩૦ નવેમ્બર, ૨૦૧૫ના રોજ પેરિસમાં યુએન ક્લાયમેન્ટ કોન્ફરન્સ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના તત્કાલિન રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન વિશ્વનું પ્રથમ આંતરરાષ્ટ્રીય સંગઠન છે જેનું મુખ્યાલય ભારતમાં આવેલ છે.
- તેનું મુખ્યાલય ગુરૂગ્રામ હરિયાણા ખાતે આવેલ છે.

પ્રશ્નો (૫-૧૨-૧૯)

(૧) વિશ્વ સુનામી જાગૃતિ દિવસ ક્યારે મનાવાય છે ?

- ૫ નવેમ્બર

૨ વિશ્વ સુનામી જાગૃતિ દિવસની પ્રથમ ઉજવણી કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

- ૨૦૧૫

૩ ત્સુનામી કઈ ભાષાનો શબ્દ છે ?

- જાપાનીઝ

૪ દેવધર ક્રિકેટ ટ્રોફી -૨૦૧૯-૨૦ વિજેતા જણાવો ?

- ઈન્ડિયા બી

૫ ભારતીય ક્રિકેટના 'ગ્રાન્ડ ઓલ્ડમેન' તરીકે કોણ જાણીતું હતું ?

- ડી.બી. દેવધર

૬ ૩૫મી એશિયન સમીટનું આયોજન કયાં વર્ષે થયું હતું ?

- બેંગકોક, થાઈલેન્ડ

૭ ASEAN નું મુખ્યમથક કયા આવેલું છે ?

- જકાર્તા, ઈન્ડોનેશિયા

૮ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનું મુખ્યમથક કયાં આવેલું છે ?

- ગુરૂગ્રામ, હરિયાણા, ભારત

## 6. November. 2019

**(૧) ગુજસીટોકને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા મંજૂરી :**

- તાજેતરમાં ગુજરાત સરકારના મહત્વપૂર્ણ એક્ટ ગુજસીટોકને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા મંજૂરી આપવામાં આવી.
- રાજ્યમાં આતંકવાદી પ્રવૃત્તિ અને સંગઠિત ગુનાઓના નિયંત્રણ માટે આ એક્ટ મહત્વપૂર્ણ છે.
- નવા એક્ટ મુજબ આતંકવાદી પ્રવૃત્તિ અને સંગઠિત ગુનાઓ માટેની કાર્યવાહી માટે વિશેષ કોર્ટની રચના કરવામાં આવશે જેમાં માત્ર આતંકવાદી પ્રવૃત્તિના ગુનાઓની કાર્યવાહી થશે.
- આ એક્ટમાં આતંકવાદી પ્રવૃત્તિ અને સંગઠિત ગુનાઓના માટે વિશેષ સજાની જોગવાઇ છે.
- ગુજરાત વિધાનસભા દ્વારા વર્ષ ૨૦૧૫માં આ બિલ પસાર કરવામાં આવ્યું છે.
- જેને રાષ્ટ્રપતિશ્રી દ્વારા તાજેતરમાં મંજૂરી આપવામાં આવી.
- આ એક્ટ અંતર્ગત અપહરણ, આતંકી હુમલાઓ, ખંડણી જેવા ગુનાઓને નિયંત્રિત થશે.

**ગુજસીટોક એક્ટની જોગવાઇઓ :**

- રાજ્ય સરકાર શંકાના આધારે કોલ કે સંદેશાનું રેકોર્ડિંગ કરી શકશે. જેને પુરવા તરીકે કોર્ટમાં રજૂ કરી શકશે.
- સુપ્રિન્ટેડેન્ટ ઓફ પોલીસ કે તેથી ઉપરના પોલીસ અધિકારીઓ સમક્ષ કરવામાં આવેલ મૌખિક કબૂલાત પુરાવા તરીકે કોર્ટમાં રજૂ કરી શકશે.
- ચાર્જશીટ ફાઇલ કરવાનો સમય ૧૮૦ દિવસ કરવામાં રહેશે જે અગાઉ ૯૦ દિવસ હતો.
- આતંકવાદી પ્રવૃત્તિ અને સંગઠિત ગુનાઓમાં કોઇ મૃત્યુ થાય તેવા સંજોગોમાં આરોપીને આજીવન કેદ કે મૃત્યુદંડ અને દસ લાખ સુધીના દંડની જોગવાઇ.
- ગુજસીટોક (GUJCOTC) GUJARAT CONTROL OF TERRORISM AND ORGANISED CRIME BILL-2015
- સૌપ્રથમ વખત વર્ષ ૨૦૦૩માં આ ગુજરાત સરકાર દ્વાર પસાર કરવામાં આવ્યું હતું જેમાં જોડા સુધારા કરી વર્ષ ૨૦૧૫માં ફરીથી બિલ પસાર કરવામાં આવ્યું.

**(૨) નાસિરા શર્મા – વ્યાસ સન્માન–૨૦૧૯**

- તાજેતરમાં પ્રસિદ્ધ લેખિકા નાસિરા શર્માને વર્ષ ૨૦૧૯ના વ્યાસ સન્માન માટે પસંદ કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન તેમની વર્ષ ૨૦૧૪માં પ્રકાશિત થયેલ નવલકથા 'કાગજ કી નાવ' માટે એનાયત કરવામાં આવ્યા.
- વર્ષ ૨૦૧૯ના વ્યાસ સન્માન માટે નાસિરા શર્માની પસંદગી હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ વિદ્વાન વિશ્વનાથ પ્રસાદ તિવારીની અધ્યક્ષતામાં પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવી છે.
- આ સન્માન દર વર્ષે ભારતીય ભાષાના લેખકો અને કવિઓને સાહિત્યમાં તેમના યોગદાન બદલ આપવામાં આવે છે.
- વ્યાસ સન્માનની શરૂઆત વર્ષ ૧૯૯૧ માં કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી.
- ભારતીય સાહિત્ય ક્ષેત્રે આપવામાં આવતું આ સન્માન જ્ઞાનપીઠ પુરસ્કાર બાદનું બીજા ક્રમનું સૌથી મોટું સાહિત્ય સમાન છે.
- આ સન્માન અંતર્ગત વિજેટને ૪ લાખ રૂપિયા રોકડ ઇનામ, પ્રશસ્તિ પત્ર અને એક પ્રતિક ચિન્હ આપવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૧મા પ્રથમ વ્યાસ સન્માન રામવિલાસ શર્માને તેમની કૃતિ 'ભારત કે પ્રાચીન ભાષા પરિવાર' માટે એનાયત થયો હતો.
- વર્ષ ૨૦૧૭માં મમતા કાલીયાને 'દુકખમ સુકખમ' માટે વ્યાસ સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- વર્ષ ૨૦૧૮માં આ સન્માન લીલાધર જગુડી તેમના કાવ્યસંગ્રહ 'જીતને લોગ ઉતને પ્રેમ' માટે એનાયત કરવામાં આવ્યું હતું.

**(૩) ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે લશ્કરી સહયોગ ક્ષેત્રે ત્રણ કરાર**

- તાજેતરમાં લશ્કરી સંબંધોમાં સહયોગ વધારવાના હેતુથી ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે ત્રણ મહત્વપૂર્ણ કરાર કરવામાં આવ્યા.
- બંને દેશો વચ્ચે સ્તરીય પ્રતિનિધિમંડળની બેઠક બાદ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- ભારત અને ઉઝબેકિસ્તાને બંને દેશોના સશસ્ત્ર દળો વચ્ચે સૈન્ય ચીકિત્સા સહાય અંગે એક કરાર અને તાલીમ અને ક્ષમતા નિર્માણ માટે બંને દેશોના ઉચ્ચ લશ્કરી શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે બે કરાર પર હસ્તાક્ષર કર્યા એમ કુલ ત્રણ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

**(૪) મનુ ભાકર – ૧૦ મી એર પિસ્તોલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.**

- તાજેતરમાં દોહામાં યોજાયેલ ૧૪ મી એશિયન શુટિંગ ચેમ્પિયનશીપમાં ભારતીય શૂટર મનુ ભાકરે ૧૦ મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યો.
- આ સાથે જ મનુ ભાકરે ૨૪૪. ૩ સ્કોર સાથે ૧૪ મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશીપમાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો.
- ચીનના શૂટર કિયાન વાંગે સિલ્વર મેડલ જીત્યો હતો.
- ચીનના રેંક્સિન જિયાંગે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- આ સ્પર્ધામાં ભારતના યશસ્વની સિંહ દેશવાલે ૧૫૭.૪ના સ્કોર સાથે છઠ્ઠું સ્થાન મેળવ્યું હતું.
- ભારતીય શૂટર મનુ ભાકર હરિયાણાના વતની છે.

પ્રશ્નો (૬-૧૨-૧૯)

(૧) ગુજરાત વિધાનસભા દ્વારા કયાં વર્ષમાં ગુજસીટોક બિલ પસાર કરવામાં આવ્યું હતું ?
- ૨૦૦૩, ૨૦૧૫

૨ GUJCOTCનું પુરૂનામ જણાવો ?
- GUJCOTC) GUJARAT CONTROL OF TERRORISM AND ORGANISED CRIME BILL

૩ વ્યાસ - સન્માન-૨૦૧૯ વિજેતા જણાવો ?
- નાસિરા શર્મા

૪ નાસિરા શર્માની કઈ કૃતિ માટે વ્યાસ સન્માન પ્રાપ્ત થયું ?
- કાગજ કી નાવ

૫ 'ભારત કે પ્રાચીન ભાષા પરિવાર' કૃતિના રચયિતા જણાવો ?
- રામવિલાસ શર્મા

૬ ૧૪ મી એશિયન શુટિંગ ચેમ્પિયનશીપનું આયોજન કયાં થયું હતું ?
- દોહા

૭ ભારતીય શુટર મનુ ભાકર કયાં રાજ્યના વતની છે ?
- હરિયાણા

## 7. November. 2019

**(૧) રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ**

- દર વર્ષે ૭ નવેમ્બરના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ મનાવવામાં આવે છે.
- કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪ થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- દેશના લોકોમાં કેન્સર અંગે જાગરૂકતા ફેલાવવાના ઉદ્દેશ્યથી કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વ કેન્સર દિવસ – ૪ ફેબ્રુઆરી

**(૨) ભારત દ્વારા RCEP માં સામેલ ન થવાનો નિર્ણય**

- તાજેતરમાં થાઇલેન્ડના બેંગકોક ખાતે RCEPની ત્રીજી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં ભારતે ખેડૂતો અને વ્યાપારીઓને નુકસાન કર્તા વ્યાપાર સમજૂતી RCEP માં સામેલ ન થવાનો નિર્ણય કર્યો.
- ભારત વતી આ નિર્ણય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા લેવામાં આવ્યો.
- RCEP- Regional Comprehensive Economic Parthnership
- RCEP એક પ્રસ્તાવિત Free Trade agreement છે.
- ચીન, જાપાન, ઓસ્ટ્રેલીયા, ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ કોરિયા ઉપરાંત આસિયાન સંગઠનના ૧૦ સભ્યો દેશોએ આ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. કુલ ૧૫ દેશોએ વ્યાપાર સમજૂતી RCEP માં પર હસ્તાક્ષર કર્યા છે.
- આ સમજૂતીમાં ૧૬માં દેશ તરીકે જોડાવા માટે ભારતને ચીન દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું. જે ભારત દ્વારા નકારવામાં આવ્યું છે.
- આ સમજૂતી હાલમાં અમલમાં આવી નથી.
- આ સમજૂતી અંતર્ગત સભ્ય દેશોને આયાત અને નિકાસમાં સરળતા મળે છે ઉપરાંત તેના ટેક્સમાં પણ મોટી રાહત મળે છે.
- આ સમજૂતીથી ભારતના ઉદ્યોગ પર અસર થવાના કારણે ભારતે આ સમજૂતી પર હસ્તાક્ષર કરવાનો ઇન્કાર કર્યો છે.

**(૩) ફિફા – ૨૦૨૦ અંડર –૧૭ મહિલા વર્લ્ડ કપનો લોગો જાહેર**

- તાજેતરમાં ફિફા દ્વારા ૨૦૨૦ અંડર ૧૭ મહિલા વર્લ્ડ કપનો લોગો જાહેર કરવામાં આવ્યો.
- વર્ષ ૨૦૨૦માં યોજાનાર અંડર ૧૭ મહિલા વર્લ્ડ કપનું આયોજન ભારતમાં કરવામાં આવશે.
- અંડર ૧૭ મહિલા વર્લ્ડ કપનું આયોજન વર્ષ ૨૦૦૮ થી દર બે વર્ષે કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૮માં અંડર – ૧૭ મહિલા વર્લ્ડ કપનું આયોજન ઉરુગ્વે ખાતે થયું હતું. જેમાં સ્પેન જીત્યું હતું.
- ફિફાની સ્થાપના ૨૦ મે ૧૯૦૪ના રોજ ફ્રાંસના પેરિસ ખાતે થઇ હતી.
- પુરૂનામ : "International Federation of Association Football"
- ફિફા ફૂટબોલની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું સંચાલન કરે છે. ફિફાનું આદર્શ વાક્ય – For the game, for the world છે. તેનું મુખ્યાલ જ્યુરીચ સ્વીટ્ઝર્લેન્ડ ખાતે આવેલ છે.
- ભારતમાં ફૂટબોલ સ્પર્ધાનું આયોજન અને નિયંત્રણ All India football Federation દ્વારા કરવામાં આવે છે.
- તેનું મુખ્યાલય દિલ્હીના દ્વારકા ખાતે આવેલ છે.

(૪) ગંગા ઉત્સવ :

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન દ્વારા ગંગા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું.
- આ ઉત્સવનું આયોજન ગંગા નદીને રાષ્ટ્રીય નદી ઘોષિત થયાની ૧૧ મી વર્ષગાઠ નિમિત્તે કરવામાં આવ્યું.
- આ ઉત્સવનું આયોજન કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય સાથે મળી સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે.
- આ ઉત્સવ અંતર્ગત ગંગા અને તેની સહાયક નદીઓને સ્વચ્છ બનાવવા અંગે જાગરૂકતા ફેલાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું છે.
- ગંગા નદીને રાષ્ટ્રીય નદી તરીકેનો દરજ્જો ૪ નવેમ્બર ૨૦૦૮માં આપવામાં આવ્યો હતો.
- ગંગા ભારતની સૌથી લાંબી અને પવિત્ર નદી છે.

પ્રશ્નો (૭-૧૨-૧૯)

(૧) રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૭ નવેમ્બર

૨ વિશ્વ કેન્સર દિવસ ક્યારે મનાવાય છે ?
- ૪ ફેબ્રુઆરી

૩ RCEP નું પુરૂનામ જણાવો ?
- Regional Comprehensive Economic Parthnership

૪ ફિફા અંડર-૧૭ મહિલા વર્લ્ડકપનું આયોજન કયાં થશે ?
- ભારત

૫ અંડર-૧૭ મહિલા ફૂટબોલ વર્લ્ડકપનું આયોજન દર કેટલા વર્ષે થાય છે ?
- બે વર્ષે

૬ 'ગંગા ઉત્સવ' નું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
- દિલ્હી

૭ ગંગા નદીને રાષ્ટ્રીય નદીનો દરજ્જો કયાં વર્ષમાં આપવામાં આવ્યો હતો ?
- ૪ નવેમ્બર, ૨૦૦૮

## 8. November. 2019

(૧) વિશ્વ શહેરીકરણ દિવસ (વર્લ્ડ ટાઉન પ્લાનિંગ ડે) – ૮ નવેમ્બર

(૨) નોટબંધી દિવસ :

- ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ દેશના ચલણ માથી મહાત્મા ગાંધી સીરિઝની ૧૦૦૦ અને ૫૦૦ ની નોટ રદ કરવામાં આવી હતી.
- દેશમાં નોટબંધીની જાહેરાત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી.
- નોટબંધીનો મુખ્ય ઉદ્દેશ્ય કાળું નાણું બહાર લાવવાનો હતો.
- ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા નોટબંધી સમયે મહાત્મા ગાંધી સીરિઝની નવી ૫૦૦ અને ૨૦૦૦ ની ચલણી નોટો બહાર પાડવામાં આવી હતી.

(૩) ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ –૨૦૧૯

- તાજેતરમાં કોલકત્તાના બિસ્વા બાંગ્લા કન્વેશન સેન્ટર ખાતે ૫ માં ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.
- આ મહોત્સવનું ઉદ્દ્ઘાટન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કર્યું.
- આ મહોત્સવનું આયોજન વિજ્ઞાન અને ટેકનૉલોજિના સર્વાંગી વિકાસ માટે વ્યુહરચના બનાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું છે.
- ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવનું આયોજન વર્ષ ૨૦૧૫ થી કરવામાં આવે છે.
- આ વર્ષે મહોત્સવનું આયોજન Research, Innovation And Science Empowering the Nation થીમ પર કરવામાં આવ્યું છે.

(૪) તાના – રીરી મહોત્સવ – ૨૦૧૯

- તાજેતરમાં ગુજરાતનાં મહેસાણા જિલ્લાના વડનગર ખાતે તાના–રીરી મહોત્સવ–૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું.
- તાના રીરી મહોત્સવનું આયોજન દર વર્ષે કારતક સુદ નોમના દિવસે કરવામાં આવે છે.
- આ વર્ષે આ મહોત્સવનું આયોજન ૬ અને ૭ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.
- રાજ્ય સરકાર દ્વારા કલા અને સાંસ્કૃતિક વારસાની જાળવણી કરવાના હેતુથી આ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.
- તાના – રીરી મહોત્સવ ૨૦૧૯નો પ્રારંભ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિન પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.
- તાનારીરી મહોત્સવ – ૨૦૧૯માં પ્રથમ દિવસે ત્રણ વિશ્વ રેકોર્ડ રચાયા હતા જે નીચે મુજબ છે.

૧. ગુજરાતી કલાકાર શીતલ બારોટ દ્વારા ૧ મિનિટમાં ૯ રસ પ્રમાણે ચહેરાના વિવિધ ભાવો રજૂ કરવાનો રેકોર્ડ

૨. ૧૫૦ તબલાવાદકો દ્વારા ૩૦ મિનિટમાં વિવિધ ૨૮ તાલ વગાડવાનો રેકોર્ડ

૩. ૧૦૮ વાંસડીવાદકો દ્વારા ખમાજ રાગ પર રાષ્ટ્રગાન અને વૈષ્ણવજન વગાડવાનો રેકોર્ડ.

- આ મહોત્સવમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ અશ્વિની ભીંડે દેશપાંડે અને પિયુ સરખેલને સંયુક્તરીતે તાનારીરી એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- આ એવોર્ડ અંતર્ગત ૨.૫ લાખ રૂપિયા ઇનામ અને તામ્રપત્ર એનાયત કરવામાં આવે છે.
- તાના – રીરી મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાકારો અને કલાવૃંદો પોતાની કૃતિઓ રજૂ કરે છે
- આ મહોત્સવનું આયોજન ગુજરાતનાં આધકવિ શ્રી નરસિંહ મહેતાના દોહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રી તાના–રીરી ની યાદમાં વર્ષ ૨૦૦૩ થી કરવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

**(૫) રિયલ એસ્ટેટ સેક્ટર માટે ૨૫૦૦૦ કરોડના ફંડને મંજૂરી**

- **તાજેતરમાં નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં દેશના રિયલ એસ્ટેટ સેક્ટર માટે ૨૫૦૦૦ કરોડના ફંડને મંજૂરી આપવામાં આવી.**
- **આ મંજૂરી અંતર્ગત દેશમાં અધૂરા રહી ગયેલ હાઉસિંગ પ્રોજેક્ટ માટેના ૨૫૦૦૦ કરોડનાં ફંડમાં ૧૦,૦૦૦ કરોડ ફંડ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે.**
- **બાકી રહેલ ૧૫૦૦૦ કરોડ ફંડ ભારતીય સ્ટેટ બેન્ક અને ભારતીય જીવન વીમા નિગમ દ્વારા આપવામાં આવશે.**
- **૨૫૦૦૦ કરોડના ફંડથી દેશના ૧૬૦૦ જેટલા અટકી પડેલા હાઉસિંગ પ્રોજેક્ટને પૂરા કરવા માટે મદદ આપવામાં આવશે.**

પ્રશ્નો (૮-૧૨-૧૯)

(૧) વિશ્વ શહેરીકરણ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૮ એપ્રિલ

૨ નોટબંધી દિવસ ક્યારે મનાવાય છે ?
- ૮ નવેમ્બર

૩ ૫માં ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવનું આયોજન કયાં થયું હતું ?
- કોલકતાના બિસ્વા બાંગ્લા કન્વેશન સેન્ટર

૪ તાના-રીરી મહોત્સવનું આયોજન દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?
- કારતક સુદ નોમના દિવસે

૫ તાના - રીરી મહોત્સવનું આયોજન કયાં જિલ્લામાં થાય છે ?
- મહેસાણા

૬ તાના-રીરી એવોર્ડ -૨૦૧૯ના વિજેતા જણાવો ?
- અશ્વિની ભીડે દેશપાંડે અને પિયુ સરખેલ

## 9. November. 2019

**(૧) રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ – ૯ નવેમ્બર**

**(૨) જૂનાગઢ આઝાદી દિન**

- **જૂનાગઢ નવાબે આઝાદી સમયે પાકિસ્તાનમાં જોડાવાનો નિર્ણય કર્યો હતો.**
- **બાદમાં મુંબઇમાં જુનાગઢના નાગરિકો દ્વારા જૂનાગઢને ભારતીય સંઘમાં જોડવા માટે આરઝી હકુમતની સ્થાપના કરી હતી.**
- **જુનાગઢને ભારતમાં જોડવા ભારતીય સૈન્ય અને નૌકાદળે જુનાગઢ રાજ્ય તરફ ઘેરો કર્યો જેનાથી ડરીને જુનાગઢના નવાબ પાકિસ્તાન ચાલ્યા ગયા અને જૂનાગઢને આઝાદ થયું.**
- **૯ નવેમ્બર ૧૯૪૭ના રોજ જૂનાગઢ રાજ્ય આઝાદ થયું હતું અને ભારતનો ભાગ બન્યુ હતુ.**
- **દર વર્ષે ૯ નવેમ્બરે જૂનાગઢ મુક્તિ દિનની ઉજવણી કરવામાં આવે છે.**

**(૩) ગ્લોબલ માઇક્રોસ્કોપ રિપોર્ટ –૨૦૧૯**

- **તાજેતરમાં** Economist Intelligence Unit **દ્વારા ગ્લોબલ માઇક્રોસ્કોપ રિપોર્ટ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.**
- **આ રિપોર્ટ ફાઇનાન્સયલ ઇન્કલૂઝન સંબંધિત છે.**
- **આ રિપોર્ટમાં વિશ્વના વિવિધ દેશોના ફાઇનાન્સિયલ ઇન્કલૂઝન બાબતે પરફોમન્સના આધારે રેંકિંગ આપવામાં આવ્યું છે.**
- **ગ્લોબલ માઇક્રોસ્કોપ રિપોર્ટ ૨૦૧૯માં પ્રથમ સ્થાને કોલમ્બિયા છે જ્યારે બીજા અને ત્રીજા સ્થાને અનુક્રમે પેરૂ અને ઉરૂગ્વે છે.**
- **આ રેન્કિંગમાં ભારતનું સ્થાન પાંચમું છે. ચોથા સ્થાને મેક્સિકો છે.**
- **વર્ષ ૨૦૦૭માં પ્રથમ વખત આ રીપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.**

**(૪) પ્રથમ બિમ્સટેક પોર્ટ કોન્ફરન્સ :**

- **તાજેતરમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે પ્રથમ બિમ્સટેક પોર્ટ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.**
- **આ કોન્ફરન્સ દરમ્યાન બંદરોની સુરક્ષા, ઉત્પાદકતા, ક્રૂઝ ટુરિઝમ અને રોકાણની તકો જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.**
- BIMSTEC (**બિમ્સટેક**) -Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation
- **બિમ્સટેક દક્ષિણ એશિયા અને દક્ષિણ પૂર્વ એશિયાના ૭ દેશોનું સંગઠન છે જે બંગાળની ખાડીમાં વસતા દેશો છે.**
- **બિમ્સટેકની સ્થાપના ૬ જૂન ૧૯૯૭ના રોજ બેંગકોક ઘોષણાપત્ર અંતર્ગત કરવામાં આવી છે.**
- **તેનું મુખ્યાલય બાંગ્લાદેશના ઢાંકા ખાતે આવેલ છે.**
- **બિમ્સટેકના સભ્ય દેશો – ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ, શ્રીલંકા, થાઇલેન્ડ અને મ્યાનમાર**

**(૫) ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ :**

- **તાજેતરમાં** National Association of Software & Services Companies (NASSCOM **નૈસકૉમ) દ્વારા જાહેર કરવામાં આવેલ એક રિપોર્ટ મુજબ ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે.**
- **સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાં ચીન અને અમેરીકા અનુક્રમે પ્રથમ અને દ્વિતીય સ્થાને છે.**
- **વર્ષ–૨૦૧૯ માં ભારતમાં ૧૩૦૦ થી વધુ નવા સ્ટાર્ટઅપ્સ જનરેટ થયા છે.**

Vivekanand Academy Gandhinagar

- ભારતમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યા જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૧૯ સુધીમાં ૮૯૦૦ થી ૯૩૦૦ ની વચ્ચે હતી, જે એક વર્ષ અગાઉ ૭૭૦૦ થી ૮૨૦૦ ની હતી.
- દેશમાં વર્ષ ૨૦૧૯માં સ્ટાર્ટઅપથી પરોક્ષ નોકરીનો આંકડો ૧૪ થી ૧૬ લાખ થયો છે.

**NASSCOM**

- NASSCOM ભારતીય માહિતી અને ટેક્નૉલોજિ તથા બિઝનેશ પ્રોસેસ આઉટસોર્સિંગ ઉદ્યોગનું વૈશ્વિક વ્યાપાર સંગઠન છે.
- તેની સ્થાપના ભારતીય સોસાઇટીઝ અધિનિયમ ૧૮૬૦ અંતર્ગત કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય નવી દિલ્હી ખાતે આવેલ છે.

**(૬) લેખિકા નવનિતા દેવ સેનનું નિધન :**

- સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા અને પ્રસિદ્ધ લેખિકા નવનિતા દેવ સેનનું ૭ નવેમ્બર ૨૦૧૯ના રોજ નિધન થયું.
- તેઓ ભારતના જાણીતા અર્થશાસ્ત્રી અમર્ત્યે સેનના પત્ની હતા.
- નવનિતા દેવ સેનનો જન્મ ૨૩ જાન્યુઆરી ૧૯૩૮ના રોજ કોલકત્તા ખાતે થયો હતો.
- વર્ષ ૧૯૯૯માં તેમની નવ– નીતા કૃતિ માટે તેમને સાહિત્ય અકાદમી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ભારત સરકાર દ્વારા તેમને વર્ષ ૨૦૦૦માં પદ્મશ્રીથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

પ્રશ્નો (૯-૧૨-૧૯)

(૧) રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૯ નવેમ્બર

૨ જુનાગઢ આઝાદી દિન ક્યારે ઉજવાય છે ?
- ૯ નવેમ્બર

૩ આરઝી હકુમતની સ્થાપના કયા થઇ હતી ?
- મુંબઇ

૪ ગ્લોબલ માઈક્રોસોફ્ટ રિપોર્ટ -૨૦૧૯ અંતર્ગત ભારતનો ક્રમ જણાવો ?
- પાંચમો

૫ પ્રથમ બિમ્સટેક પોર્ટ કોન્ફરન્સનું આયોજન કયાં થયું હતું ?
- વિશાખાપટ્ટનમ્, આંધ્રપ્રદેશ

૬ બિમ્સટેકનું મુખ્યમથક કયાં આવેલું છે ?
- ઢાંકા, બાંગ્લાદેશ

૭ વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ કયા દેશની છે ?
- ભારત

૮ નવનીતા દેવ સેન કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?
- લેખક

## 10. November. 2019

**(૧) વિશ્વ વિજ્ઞાન દિવસ :**

- દર વર્ષે ૧૦ નવેમ્બરના રોજ વિશ્વ વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી વિશ્વમાં વિજ્ઞાનની મહત્વપૂર્ણ ભૂમિકા અને ઉભરતા વૈજ્ઞાનિક મુદ્દાઓ પર પ્રકાશ પાડવા કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૦૨માં પ્રથમ વખત વિશ્વ વિજ્ઞાન દિવસની ઉજવણી યુનેસ્કો દ્વારા કરવામાં આવી હતી.
- વિશ્વ વિજ્ઞાન દિવસ ૨૦૧૯ થીમ – Open science, leaving no one behind"
- ૨૮ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવવામાં આવે છે.

**(૨) પુષ્કર મેળાનો પ્રારંભ :**

- તાજેતરમાં રાજસ્થાન રાજ્યના અજમેર જિલ્લામાં આવેલ પુસ્કર ખાતે વિશ્વના સૌથી મોટા પશુ મેળાનું આયોજન થયું.
- આ મેળાનું આયોજન દર વર્ષે કારતક મહિના દરમ્યાન કરવામાં આવે છે. જે કારતકી પૂર્ણિમાના રોજ પૂર્ણ થાય છે.
- આ મેળાનું આયોજન પુષ્કર સરોવરના કિનારે થાય છે.
- આ મેળામાં ઊંટ ઉપરાંત બળદ, ઘોડા અને અન્ય પશુઓનું ખરીદ વેચાણ અને પ્રદર્શનનું આયોજન થાય છે.
- પુષ્કરના મેળાને કારતક મેળા અને પુષ્કરનો ઊંટનો મેળો તરીકે પણ ઓળખવામાં આવે છે.

**(૩) ગિરનાર પર્વતની લીલી પરિક્રમા :**

- તાજેતરમાં ગુજરાતનાં જુનાગઢ ખાતે ગિરનાર પર્વતની લીલી પરિક્રમા યોજાય હતી.
- હિન્દુ કેલેન્ડર મુજબ દર વર્ષે કારતક સુદ અગિયારસની મધ્યરાતેથી કારતકી પુનમ સુધી આ પરિક્રમાનું આયોજન થાય છે.
- આ પરિક્રમા ૩૬ કિલોમીટર લાંબી હોય છે જેની શરૂઆત જૂનાગઢના ખાતે આવેલ ભવનાથ તળેટીમાં આવેલા દુધેશ્વર મહાદેવના મંદિરથી થાય છે.
- પરીક્રમા દામોદર કુંડમાં સ્નાન બાદ પૂર્ણ થાય છે.

**(૪) શ્રીરામ જન્મભૂમિ અને બાબરી મસ્જિદ કેસમાં અંતિમ ચુકાદો**

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા શ્રીરામ જન્મભૂમિ અને બાબરી મસ્જિદ કેસમાં અંતીમ ચુકાદો આપવામાં આવ્યો.
- પાંચ જજોની બંધારણીય બેન્ચ દ્વારા સર્વસંમતિથી વિવાદિત સ્થળે ભગવાનશ્રી રામનું મંદિર બનાવવા અને મુસ્લિમ પક્ષને મસ્જિદ નિર્માણ માટે પાંચ એકર જમીનનું વળતર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- આ પાંચ એકર જમીન કેન્દ્રીય સુન્ની વકફ બોર્ડને આપવામાં આવશે.

- સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ આ ચુકાદો ૧૦૪૫ પાનાંનો છે.
- સુપ્રીમ કોર્ટના કરવામાં આવેલ આદેશ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ મહિના સુધીમાં શ્રીરામ મંદિરના નિર્માણ માટે યોજના અને તેના નિર્માણ માટે એક ટ્રસ્ટ બનાવાવમાં આવશે.
- સુપ્રમી કોર્ટ દ્વારા કરવામાં આવેલ નિર્ણય મુજબ ૨.૭૭ એકરની વિવાદિત જમીન પર ભગવાન શ્રી રામનું મંદિર બનાવવામાં આવશે.
- આ ચુકાદા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા તૈયાર કરવામાં આવેલ અહેવાલને માન્ય રાખવામાં આવ્યો છે.
- ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા વર્ષ ૨૦૦૩માં અલાહાબાદ હાઇકોર્ટના આદેશ મુજબ શ્રીરામ જન્મભૂમિ અને બાબરી મસ્જિદના સ્થળનું ઉત્ખન્ન અને પરીક્ષણ કરવામાં આવ્યું હતું જેના આધારે આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

**પાંચ જજોની બંધારણીય બેન્ચ :**

- શ્રીરામ જન્મભૂમિ અને બાબરી મસ્જિદ કેસના નિવારણ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા જાન્યુઆરી ૨૦૧૯માં ચીફ જસ્ટિસ રંજન ગોગોઇની અધ્યક્ષતામાં પાંચ જજોની બંધારણીય બેન્ચની રચના કરવામાં આવી હતી.
- આ બેન્ચમાં ચીફ રંજન ગોગોઇ એસ.એ. બોબડે, ડી.વાય.ચંદ્રચૂડ, અશોક ભૂષણ, એસ.એ. નઝીર હતા.
- આ બેન્ચ દ્વારા આ કેસની સુનાવણી ૬ ઓગસ્ટ ૨૦૧૯ થી ૧૬ ઓક્ટોબર ૨૦૧૯ દરમ્યાન સતત ૪૦ દિવસ સુધી ચાલી હતી.
- સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જ્યાં સુધી કેન્દ્ર સરકાર દ્વારા ટ્રસ્ટનું નિર્માણ ન થાય ત્યાં સુધી વિવાદિત સ્થળની જમીન કેન્દ્ર સરકારની માલિકીની રહેશે.

**ASI દ્વારા તૈયાર કરવામાં આવેલ અહેવાલ**

- ASI દ્વારા તૈયાર કરવામાં આવેલ અહેવાલ મુજબ મસ્જિદનું નિર્માણ ૧૨ મી સદી દરમ્યાન હિન્દુ ધર્મના હયાત બાંધકામ પર કરવામાં આવ્યું છે.
- વર્ષ ૧૯૯૨માં બાબરી મસ્જિદના ધ્વંશ દરમ્યાન ત્રણ શિલાલેખ મળ્યા હતા જે પૈકીના એક શિલાલેખમાં વિષ્ણુ જેણે બલી અને અન્ય કોઇ દશ માથાના માનવીને હણ્યો તેને આ મંદિર અર્પિત છે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ શીલાલેખનું નામ વિષ્ણુ હરી છે.
- અહેવાલ મુજબ સ્થળેથી મૂર્તિઓ, પશુમૂર્તિઓ ગુંબજ તેમજ પ્લેટફોર્મના અવશેષો તેમજ હિન્દુ ધર્મના સ્તંભો મળી આવ્યા છે.
- ASI દ્વારા તૈયાર કરવામાં આવેલ અહેવાલ મુજબ સુપ્રીમ કોર્ટ દ્વારા કહેવામાં આવ્યું કે બાબરી મસ્જિદનું નિર્માણ જે સ્થળ પર કરવામાં આવ્યું તે સ્થળ પહેલા જ એક બાંધકામ હતું જે બિન મુસ્લિમ બાંધકામ છે.

**ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ :**

- ભારતીય પુરાતત્વ વિભાગ ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- તે પુરાતત્વ અભ્યાસ અને સાંસ્કૃતિક સ્મારકોના રક્ષણ માટે કાર્ય કરે છે.
- આદર્શ વાક્ય – પ્રત્નકીર્તિમપાવૃળુ છે.
- તેની સ્થાપના એલેક્ઝાન્ડર કનિંગહામ દ્વારા ૧૮૬૧મા કરવામાં આવી હતી તેઓ ભારતીય પુરાતત્વ વિભાગના પ્રથમ ડિરેક્ટર જનરલ હતા.

**કેશના મુખ્ય પક્ષકારો :**

- રામ જન્મભૂમિ ન્યાસ
- સુન્ની વકફ બોર્ડ
- નિર્મોહી અખાડા
- શિયા વકફ બોર્ડ
- રામલલ્લા વિરાજમાન
- અન્ય પક્ષો (વિશ્વ હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, હિન્દુ, મહાસભા)

પ્રશ્નો (૧૦-૧૨-૧૯)

(૧) વિશ્વ વિજ્ઞાન દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૦ નવેમ્બર

૨ વિશ્વ વિજ્ઞાન દિવસ -૨૦૧૯ની થીમ જણાવો ?
- Open science, leaving no one behind”

૩ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૮ ફેબ્રુઆરી

૪ વિશ્વના સૌથી મોટા પશુ મેળાનું નામ જણાવો ?
- પુષ્કર મેળો

૫ ગિરનાર પર્વતની લીલી પરિક્રમાની શરૂઆત ક્યારે થાય છે ?
- દર વર્ષે કારતક સુદ અગિયારસ

૬ શ્રી રામ અને બાબરી મસ્જિદ કેસમાં અંતિમ ચુકાદા બાદ વિવાદિત સ્થળે કયું મંદિર બનશે ?
- રામ મંદિર

૭ ભારતીય પુરાતત્વ વિભાગના પ્રથમ ડિરેક્ટર જનરલ કોણ હતા ?
- એલેક્ઝાન્ડર કનિંગહામ

## 11. November. 2019

**(૧) રાષ્ટ્રીય શિક્ષણ દિવસ**

- દર વર્ષે ૧૧ નવેમ્બરના દિવસે ભારતભરમાં રાષ્ટ્રીય શિક્ષણ દિવસ મનાવવામાં આવે છે .
- આ દિવસે દેશના પ્રથમ શિક્ષણમંત્રીશ્રી મૌલાના અબુલ કલામના જન્મદિવસ નિમિત્તે ઉજવવામાં આવે છે.
- મૌલાના અબુલ કલામ ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ થી ૨ ફેબ્રુઆરી ૧૯૫૮ સુધી દેશના શિક્ષણમંત્રી રહ્યા હતા.

Vivekanand Academy Gandhinagar

- શિક્ષણ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૦૮ માં કરવામાં આવી હતી.

**(૨) કરતારપુર કોરિડોરનો પ્રારંભ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**

- તાજેતરમાં ભારત અને પાકિસ્તાનની પંજાબ સરહદે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કતારપુર કોરીડોરનો પ્રારંભ કરાવ્યો.
- ભારતના પંજાબ રાજયમાં પાવર ગુરદાસપુર જિલ્લાના કરતાપુર કોરિડોર ખાતે પ્રધાનમંત્રીશ્રીએ ઉદઘાટન કરી કરતાપુર જનારા તીર્થયાત્રીઓના પહેલા ચરણના જથ્થાને લીલી ઝંડી બતાવી આ કોરિડોર નો પ્રારંભ કર્યો.
- આ પ્રસંગે શેરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ દ્વારા પ્રધાનમંત્રીશ્રીને કોમી સેવા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.
- પ્રધાનમંત્રીશ્રીએ આ ઔતિહાસિક પ્રસંગને બર્લિન દીવાલ તૂટવાની ઐતિહાસિક ઘટના સાથે સરખાવ્યો હતો.

**કરતાપુર કોરિડોર**

- કરતાપુર કોરિડોર ભારત અને પાકિસ્તાન વચ્ચે નિર્માણ પામેલ વિઝા ફ્રી બોર્ડર ક્રોસિંગ છે.
- જે ભારતના પંજાબ રાજયના ગુરદાસપુર અને પાકિસ્તાનના નાવરોલ જિલ્લાને જોડે છે.
- આ કોરિડોર ગુરદાસપુર જિલ્લાના ડેરા બાબા નાનક સાહેબથી પાકિસ્તાનના નાવરેલ જિલ્લામાં આવેલ કરતાપુર ખાતેના ગુરુદ્વારા દરબાર સાહેબને જોડે છે.
- આ કોરિડોરનું નિર્માણ ભારતીય શીખ શ્રદ્ધાળુઓ પાકિસ્તાનમાં આવેલ ગુરુદ્વારા દરબાર સાહેબની યાત્રા કરી શકે તે ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું છે.
- કરતાપુરના કોરિડોરના નિર્માણનો સૌપ્રથમ પ્રસ્તાવ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયી અને પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી નવાજ શરીફ દ્વારા વર્ષ ૧૯૯૯માં રજૂ કરવામાં આવ્યો હતો. (દિલ્હી લાહોર બસ ડિપ્લોમસી અંતર્ગત )
- આ કોરિડોર અંતર્ગત ભારત અને પાકિસ્તાન વચ્ચે રાવી નદી પર એક ડેમ નું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.
- ભારત તરફથી આ કોરિડોર નું નિર્માણ લેન્ડ પોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા , નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને Leigall India Ltd. દ્વારા કરવામાં આવ્યું છે.
- નવેમ્બર ૨૦૧૮ માં ભારત ના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ વૈકેયા નાયડુ દ્વારા ભારતના ગુરદાસપુર જિલ્લાના આ કોરીડોર નો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.
- જ્યારે પાકિસ્તાન દ્વારા પ્રધાનમંત્રી ઈમરાન ખાન નમસ્તે નારોવલ જિલ્લામાં કોરિડોરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.
- કરતાપુર પાકિસ્તાનના નાવરોલ જિલ્માં આવેલ રાવી નદીના કિનારે વસેલું શહેર છે.
- તેની સ્થાપના સોળમી સદીમાં શીખ ધર્મના પ્રથમ ધર્મ ગુરુ શ્રી ગુરુનાનક દ્વારા કરવામાં આવી હતી.
- શ્રી ગુરુનાનક દેવજી નું નિધન પણ કરતાપુર ખાતે થયું હતું .
- માટે કરતાપુર ખાતે આવેલ ગુરાદ્વારા દરબાર સાહેબ ધર્મનું મહત્વનું ધર્મ સ્થાન છે.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલી સમજૂતી મુજબ કરતારપુર ની મુલાકાત માટે પાકિસ્તાન દ્વારા દરરોજ ૫૦૦૦ શીખ શ્રદ્ધાળુઓને પ્રવેશ આપવામાં આવશે.
- કરતાપુર ની મુલાકાત બદલ શ્રદ્ધાળુઓ એ રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી બનશે.
- પાકિસ્તાન દ્વારા મુલાકાત બદલ શ્રદ્ધાળુ દીઠ ૨૦ ડોલર વસૂલ કરવામાં આવશે.
- ગુરૂ નાનક દેવનો જન્મ વર્ષ ૧૪૬૯ માં કાર્તિકી પૂર્ણિમાના રોજ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં આવેલ તલવંડી ખાતે થયો હતો.
- વર્ષ ૨૦૧૯ માં ગુરુ નાનક દેવજીની ૧૫૦ મી જન્મજંયતિ ઉજવવામાં આવી રહી છે.

**(૩) દેવેન્દ્ર ફડનવીસનું મુખ્યમંત્રી પદેથી રાજીનામું – મહારાષ્ટ્ર**

- તાજેતરમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે તેના પદથી રાજીનામું આપ્યું.
- વિધાનસભા ચૂંટણીના પરિણામ બાદ મહારાષ્ટ્રમાં કોઈ પણ પક્ષ બહુમતી પ્રાપ્ત કરવામાં સફળ રહ્યો નથી.
- દેવેન્દ્ર ફડનવીસે તેમનું રાજીનામું રાજયના રાજયપાલ ભગતસિંહ કોશ્યારીને સોપ્યું હતું.
- તેઓ વર્ષ ૨૦૧૪ થી મહારાષ્ટ્રના ૧૮માં મુખ્યમંત્રી પદ પર હતા.
- મહારાષ્ટ્ર વિધાનસભામાં કુલ ૨૮૯ બેઠકો છે.

**(૪) શેફાલી વર્મા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અર્ધશતક પૂર્ણ કરનાર સૌથી યુવા ભારતીય ક્રિકેટર**

- તાજેતરમાં ભારતના મહિલા યુવા ક્રિકેટર શેફાલી વર્મા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અર્ધશતક પૂર્ણ કરનાર સૌથી યુવા ભારતીય ક્રિકેટર બની.
- તેણીએ માત્ર ૧૫ વર્ષની વયે પોતાની પ્રથમ અર્ધશતક વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધની ટી – ૨૦ મેચમાં ફટકારી .
- આ સાથે જ તેણીએ સચિન તેંદુલકરનો ૩૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો.
- સચિને આ રેકોર્ડ ૧૬ વર્ષની વયે હાંસલ કર્યો હતો.

– શેફાલી વર્મા હરિયાણાની વતની છે.

પ્રશ્નો (૧૧-૧૨-૧૯)

(૧) રાષ્ટ્રીય શિક્ષણ દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧૧ નવેમ્બર

૨ દેશના પ્રથમ શિક્ષણમંત્રીનું નામ જણાવો ?

- મૌલાના અબુલ કલામ

૩ કતારપુર કોરીડોરનો પ્રારંભ કોણે કરાવ્યો ?

- નરેન્દ્ર મોદી

૪ કરતારપુર કઈ નદી કિનારે વસેલું છે ?

- રાવી

૫ મહારાષ્ટ્રના રાજ્યપાલનું નામ જણાવો ?

- ભગતસિંહ કોશ્યારી

૬ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અર્ધશતક પૂર્ણ કરનાર સૌથી યુવા ભારતીય ક્રિકેટર જણાવો ?

- શેફાલી વર્મા

૭ શેફાલી વર્મા કયા રાજ્યના વતની છે ?

- હરિયાણા

## 12. November. 2019

**(૧) વિશ્વ ન્યુમોનિયા દિવસ – ૧૨ નવેમ્બર**

– દર વર્ષ ૧૨ નવેમ્બરના રોજ વિશ્વ ન્યુમોનિયા દિવસ માનવામાં આવે છે.

– આ દિવસની પ્રથમ ઉજવણી ગ્લોબલ કોએલિશન અગેન્ટસ ચાઈલ્ડ ન્યુમોનિયા દ્વારા વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી.

– ગ્લોબલ કોએલિશન અગેન્ટસ ચાઈલ્ડ ન્યુમોનિયા એક ગઠબંધન છે જેમાં યુનિસેફ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, CARE, PATH જેવી સંસ્થાઓ જોડાયેલ છે.

– વર્ષ ૨૦૧૯થીમ – સૌના માટે સ્વચ્છ ફેફસાં

**(૨) વિશ્વ ના સૌપ્રથમ સીએનજી ટર્મિનલને મંજૂરી – ભાવનગર બંદર**

– તાજેતરમાં ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રાકચર ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ગુજરાતના ભાવનગર બંદર ખાતે વિશ્વના સૌપ્રથમ સીએનજી ટર્મિનલના નિર્માણને મંજૂરી આપવામાં આવી.

– આ મંજૂરી ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રાકચર બોર્ડના અધ્યક્ષ તરીકે રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આપવામાં આવી.

– ભાવનગરના બંદર ખાતે સ્થાપાનારા આ ટર્મિનલ નું નિર્માણ ૧૯૦૦ કરોડના ખર્ચે કરવામાં આવશે.

– આ સીએનજી ટર્મિનલ થી રાજય તથા દેશની સીએનજી ગેસ જરૂરિયાતો પૂર્ણ કરી શકાશે.

– ટર્મિનલનું નિર્માણ બ્રિટનના ફોરસાઇટ ગ્રુપ અને મુંબઈના પદ્મનાભ મફતલાલ ગ્રુપના સહયોગથી કરવામાં આવશે.

– આ બંદરના નિર્માણ માટે ગુજરાત વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૯ દરમ્યાન ગુજરાત મેરીટાઇમ બોર્ડ અને ફોરસાઇટ ગ્રુપ વચ્ચે કરાર કરવામાં આવ્યા હતા.

– ભાવનગર બંદરનું સંચાલન ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

– CNG- Compressed Natural Gas

**(3) ભારતના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરશ્રી ટી.એન. શેષનનું નિધન :**

– ૧૦ નવેમ્બર ૨૦૧૯ના રોજ ભારતના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી ટી.એન. શેષનનું નિધન થયું.

– તેમનું નિધન તમિલનાડુના ચેન્નાઇ ખાતે થયું. તેમનો જન્મ ૧૫ ડિસેમ્બર ૧૯૩૨ના રોજ કેરળના પલક્કડ જિલ્લામાં થયો હતો.

– તિરૂનેલ્લઇ નારાયણ ઐયર શેષન ૧૯૫૫ બેચના તમિલનાડુ કેડરના આઇએએસ અધિકારી હતા.

– તેઓ માર્ચ ૧૯૮૯ થી ડિસેમ્બર ૧૯૮૯ દરમ્યાન દેશના કેબિનેટ સચિવ તરીકે રહ્યા હતા.

– દેશના દસમાં મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે તેઓ ડિસેમ્બર ૧૯૯૦ થી ડિસેમ્બર ૧૯૯૬ સુધી સેવા આપી હતી.

– તેમના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેના કાર્યકાળ ઉમેદવારોના ખર્ચ લગામ સરકારી હેલિકોપ્ટરથી ચૂંટણીપંચ પ્રચાર પર પ્રતિબંધ સહિતના અનેક ચૂંટણી સુધારાઓ કરવામાં આવ્યા હતા.

– વર્ષ ૧૯૯૬માં તેમને રેમન મેગ્નેસ એવોર્ડ એનાયત થયો હતો.

**(૪) NEFT ટ્રાન્જેક્શન પર જાન્યુઆરી ૨૦૨૦ થી કોઇ ચાર્જ નહીં RBI**

– તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલ માહિતી મુજબ જાન્યુઆરી ૨૦૨૦ થી દેશની કોઇ પણ બેંકના NEFT ટ્રાન્ઝેક્શન માટે બચત ખાત ધારકોએ કોઇપણ પ્રકારનો ટ્રાન્જેક્શન ચાર્જ આપવો પડશે નહીં.

– ભારતીય રિઝર્વ બેંક દ્વારા આ નિર્ણય દેશમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન ને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવ્યો છે.

– આ અગાઉ NEFT ના માધ્યમથી ૧૦ હજાર રૂપિયાના ટ્રાન્ઝેક્શન પર ૨.૫૦ રૂપિયા ટ્રાન્જેક્શન ચાર્જ લેવામાં આવતો હતો.

Vivekanand Academy Gandhinagar

- દેશમાં ઇલેક્ટ્રોનિક ટ્રાન્સફર સિસ્ટમની શરૂઆત નવેમ્બર ૨૦૦૫માં કરવામાં આવી હતી.
- NEFTના માધ્યમથી બેન્કના ગ્રાહક બીજી કોઇપણ બેંકના ખાતામાં રૂપિયા મોકલી શકે છે.
- NEFT- National Electronic Fund Transfer

**રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા**

- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઇ હતી.
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઇ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંકછે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
- આરબીઆઇનું મુખ્યમથક મુંબઇ ખાતે આવેલ છે.
- આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા.
- આરબીઆઇના પ્રથમ ભારતીય ગવર્નર – સી.ડી. દેશમુખ
- આરબીઆઇના વર્તમાન ગવર્નર શક્તિકાંત દાસ છે. તેઓ આરબીઆઇના રપમાં ગવર્નર તરીકે ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ થી આ પદ પર છે.

પ્રશ્નો (૧૨-૧૨-૧૯)

(૧) વિશ્વ ન્યુમોનિયા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૨ નવેમ્બર

૨ વિશ્વ ન્યુમોનિયા દિવસ - ૨૦૧૯ ની થીમ જણાવો ?
- સૌના માટે સ્વચ્છ ફેફસા

૩ વિશ્વ સૌપ્રથમ સીએનજી ટર્મિનલ નિર્માણ ક્યાં થશે ?
- ભાવનગર બંદર

૪ CNG નું પુરૂનામ જણાવો ?
- Compressed Natural Gas

૫ ભારતના પૂર્વ મુખ્ય ચુંટણી કમિશ્નર ટી.એન. શેષનને રેમન મેગ્સેસ એવોર્ડ ક્યારે એનાયત થયો હતો ?
- ૧૯૯૬

૬ નું પુરૂનામ જણાવો ?
- National Electronic Fund Transfer

૭ RBI ના પ્રથમ ભારતીય ગર્વનર જણાવો ?
- સી.ડી. દેશમુખ

## 13. November. 2019

**(૧) સોમનાથ મંદિર ખાતે કાર્તિકી પૂર્ણિમાના મેળાનું આયોજન :**

- તાજેતરમાં ગુજરાતના સોમનાથ મંદિર ખાતે કાર્તિકી પૂર્ણિમાના મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ મેળાનું આયોજન દર વર્ષે કારતક મહિના દરમ્યાન પાંચ દિવસ સુધી કરવામાં આવે છે.

**સોમનાથ મંદિર :**

- આ મંદિર ચાલુક્ય અને ઇરાની શૈલીમાં બંધાયેલ છે.
- મંદિરનો ઘૂમટ પ્રભાશંકર સોમપુરા દ્વારા ઇરાની શૈલીમાં બનાવાયેલ છે.
- સોમનાથ મંદિર સૌપ્રથમ વખત 'ચંદ્ર' દ્વારા સોનાથી બાંધવામાં આવ્યું હતું.
- બાદમાં સોમનાથ મંદિર રાવણ દ્વારા બાંધવામાં આવ્યું હતું જે ચાંદીનું હતું.
- રાવણ બાદ સોમનાથ મંદિર ભગવાનશ્રી કૃષ્ણ દ્વારા બાંધવામાં આવ્યું હતું જે સુખડનું હતું.
- સોમનાથ મંદિરનો ઉલ્લેખ ઋગ્વેદમાં જોવા મળે છે. સોમનાથનું પ્રથમ મંદિર ૨૦૦૦ વર્ષ અગાઉ અસ્તિત્વમાં આવ્યાનું માનવામાં આવે છે.
- સોમનાથ મંદિરની સમૃદ્ધિને કારણે તેના પર ઘણા આક્રમણો થાય છે. જેમાં આરબો, મહંમદ ગઝની, અલ્લાઉદ્દીન ખીલજી અફઝલ ખાં, મુજફ્ફરશાહ બીજો, ઔરંગઝેબ જેવા શાસકોનો સમાવેશ થાય છે.
- નાણભટ્ટ, ભીમદેવ સોલંકી, કુમારપાળ, અહલ્યાબાઇ, સારંગદેવ, જેવા હિન્દુ શાસકોને ફાળે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો શ્રેય જાય છે.
- સોમનાથ મંદિરના રક્ષણમાં હમીરજી ગોહિલ વીરગતિ પામ્યા હતા.
- સોમનાથ મંદિરના પ્રથમ તબક્કાનું કાર્ય પૂર્ણ થયા બાદ વિક્રમ સંવત ૨૦૦૭ ની વૈશાખ સુદ પાંચમ એટલે કે ૧૧ મે ૧૯૫૧ ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.
- પ્રાણ પ્રતિષ્ઠા સમયે સરદાર વલ્લભાઇ પટેલ, કનૈયાલાલ મુનશી અને જામસાહેબ હાજર રહ્યા હતા. આ પ્રસંગે દેશભરના ૧૦૮ પવિત્ર તીર્થોનું જળ એકત્રિત કરવામાં આવ્યું હતું.
- આ સાથે સમુદ્રમાં ૫૧ બોટ પર ફૂલથી સંણગારેલી તોપથી ૧૦૧ સલામી આપવામાં આવી હતી.
- હાલ સોમનાથ મંદિરનું સંચાલન શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.
- આ ટ્રસ્ટના પ્રથમ ચેરમેન સરદાર વલ્લભભાઇ પટેલ હતા. હાલ ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ આ ટ્રસ્ટના ચેરમેન છે.

**(૨) દીકરી યોજનાનો પ્રારંભ : ભાવનગર :**



Vivekanand Academy Gandhinagar

- તાજેતરમાં ભાવનગરના માલણકા ગામ ખાતેથી રાજ્યમાં પ્રથમ વખત ગામની દીકરી યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો.
- ગુજરાતના શિક્ષણ રાજ્યમંત્રીશ્રી વિભાવરીબેન દવે દ્વારા આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો.
- આ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ મહિનામાં જન્મેલી દીકરીઓની માતાને ૧ હજાર રૂપિયાનો ચેક આપવામાં આવશે.
- આ યોજનાનો પ્રારંભ રાજ્યમાં દીકરા–દીકરી વચ્ચેની અસમાનતા દૂર કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યો છે.

**(૩) ગુગલ ઇન્ડિયાના નવા કન્ટ્રી મેનેજર – સંજય**

- તાજેતરમાં સંજય ગુપ્તાને ગુગલ ઇન્ડિયાના નવા કન્ટ્રી મેનેજર તેમજ સેલ્સ અને ઓપરેશન વાઇસ પ્રેસિડેન્ટ નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ અગાઉ સ્ટાર તથા ડિઝની ઇન્ડિયાના મેનેજિંગ ડાયરેક્ટર રહી ચૂક્યા છે.
- દેશમાં પ્રો. કબડ્ડી લીગ અને ઇન્ડિયન સુપર લીગ લોંચ કરવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા હતી.
- અમેરિકાના કેલીફોર્નિયા ખાતે આવેલ ઇન્ટરનેટ સર્ચ એન્જિન, ઇમેલ જેવી સેવા આપની ઇન્ટરનેશનલ કંપની ગૂગલની સ્થાપના ૪ સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ થઇ હતી.
- ગૂગલની સ્થાપના લેરી પેજ અને સર્જી બ્રિન દ્વારા કરવામાં આવી હતી.
- ગૂગલ દુનિયાભરમાં ફેલાયેલ ડેટા સેન્ટરમાં ૧૦ લાખથી વધુ સર્વર દ્વારા ચલાવવામાં આવે છે.
- કંપનીની મૂળભૂત સેવા વેબ સર્ચ ઍન્જિન છે તથા કમ્પ્યૂટર સોફ્ટવેર ગુગલ ક્રોમ, પિકાસા તેમજ ઇન્ટરનેટ મેસેજ માટે ગુગલ ટોકની સુવિધા પણ આપે છે.

**(૪) સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ – ચર્ચિત મુદ્દો :**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધી રાહુલ ગાંધી તથા પ્રિયંકા ગાંધી વાડ્રાને આપવામાં આવેલ સિક્યુરિટી સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG) હટાવી લેવામાં આવી.
- સિક્યુરિટી સ્પેશિયલ પ્રોટેક્શન (SPG) ગ્રુપ ની સ્થાપના ૨ જૂન ૧૯૮૮ના રોજ કરવામાં આવી હતી.
- (SPG) એક સશસ્ત્ર દળ છે જેનું કાર્ય દેશના પ્રધાનમંત્રી તેમજ પૂર્વ પ્રધાનમંત્રી અને તેમના પરિવારના સભ્યોને સુરક્ષા આપવાનું છે.
- હવે તેમને CRPF દળની ઝેડ પ્લસ સુરક્ષા આપવામાં આવશે.
- CRPF ની સ્થાપના વર્ષ ૧૯૩૯ માં ક્રાઉન પ્રતિનિધિ પોલીસ તરીકે થઇ હતી. CRPF ૨૪૬ બટાલિયન ધરાવતું દેશનું સૌથી મોટું પોલીસ દળ છે.
- તે ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે. આઝાદી બાદ આ દળને સીઆરપીએફ અધિનિયમ ૧૯૪૯ અંતર્ગત કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ કરવામાં આવ્યું.
- CRPF નું આદર્શ વાક્ય સેવા અને નિષ્ઠા છે.
- CRPF - Central Reserve Police Force

પ્રશ્નો (૧૩-૧૨-૧૯)

૧ કાર્તિકી પૂર્ણિમાનું આયોજન કયાં જિલ્લામાં થાય છે ?
- ગીર સોમનાથ

૨ સોમનાથ મંદીર કઇ શૈલીમાં બંધાયેલું છે ?
- ચાલુક્ય અને ઈરાની શૈલી

૩ સોમનાથ મંદિર સૌપ્રથમ વખત સોનાથી કોણે બંધાવ્યું હતું ?
- ચંદ્ર

૪ સોમનાથ ટ્રસ્ટના પ્રથમ ચેરમેન કોણ હતા ?
- સરદાર વલ્લભભાઇ પટેલ

૫ દીકરી યોજનાનો પ્રારંભ કયા જિલ્લામાંથી કરવામાં આવ્યો ?
- ભાવનગર

૬ ગુગલ ઈન્ડિયાના નવા કન્ટ્રી મેનેજર તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
- સંજય ગુપ્તા

૭ SPG નું પુરૂનામ જણાવો ?
- સિક્યુરીટી સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ

## 14. November. 2019

**(૧) વર્લ્ડ ડાયાબિટીસ ડે**

- વિશ્વભરમાં દર વર્ષે ૧૪ નવેમ્બરના રોજ વર્લ્ડ ડાયાબિટીસ ડે મનાવવામાં આવે છે.
- ડાયાબિટીસના કારણો, લક્ષણો, નિવારણ, ઉપચાર અને તેની માનવ જીવન પરના વિનાશક અસરો વિશે જાગરૂકતા ફેલાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અને ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન દ્વારા કરવામાં આવે છે.
- વર્લ્ડ ડાયાબિટીસ ડે ની ઉજવણી ડાયાબિટીસની સારવારમાં ઉપયોગી ઇન્સ્યુલીનના શોધક સર ફ્રેડિક



Vivekanand Academy Gandhinagar

બેંટિંગની જન્મજયંતી નિમિત્તે કરવામાં આવે છે, તેમણે વર્ષ ૧૯૨૨માં ઇન્સ્યુલીનની શોધ કરી હતી.

- સૌ પ્રથમ ૧૯૯૧માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્લ્ડ ડાયાબીટીસ ડે –૨૦૧૯ થીમ – Family and diabetes

(૨) **બાળદિન – જવાહરલાલ નહેરૂ જન્મજયંતી**

- ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂની યાદમાં દર વર્ષે ૧૪ નવેમ્બરના રોજ બાળ દિન મનાવવામાં આવે છે.
- તેમનો જન્મ ૧૪ નવેમ્બર ૧૮૮૯ના રોજ અલ્હાબાદમાં થયો હતો.
- તેમના પિતા મોતીલાલ નહેરૂ અને માતા સ્વરૂપરાની હતા
- તેઓએ બ્રિટનમાં હેરો કોલેજ અને કેમ્બ્રિજ યુનિ. થી ઉચ્ચ શિક્ષણ લીધું.
- બેરિસ્ટર થઇ ભારતમાં વકીલાત શરૂ કરી હતી.
- પંડિત નહેરૂએ ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી દેશની આઝાદી માટે થયેલા આંદોલનોમાં ભાગ લીધો હતો.
- નેતૃત્વના ચડતા ક્રમમાં હિન્દી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ બન્યા તેમના પ્રમુખપણા હેઠળ જ ૧૯૨૯ – ૩૦ માં પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ થયો હતો.
- હિન્દુસ્તાનની આઝાદી પછી ૧૭ વર્ષ સુધી દેશના પ્રધાનમંત્રી રહ્યા હતા.
- નહેરૂએ ૧૯૩૦માં પોતાનું વિશાળ આનંદ ભવન રાષ્ટ્રને અર્પણ કર્યું હતું જે પછીથી સ્વરાજ્ય ભવન બન્યું હતું.
- પંડિત નહેરૂનું ૨૭ મે ૧૯૬૪ના રોજ હ્રદયરોગના હુમલાથી અવસાન થયું હતું.
- તેમની સમાધિનું નામ શાંતિવન છે.

(૩) **મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ :**

- તાજેતરમાં યોજાયેલ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કોઇપણ પક્ષને પૂર્ણ બહુમતી ન મળતા મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું.
- મહારાષ્ટ્રમાં યોજાયેલ ૧૪ મી વિધાનસભા ચૂંટણી બાદ કોઇ પક્ષની સરકાર કે ગઠબંધન સરકારની રચના ન થતા રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું.
- મહારાષ્ટ્રમાં ૧૨ નવેમ્બરના રોજ રાજ્યના રાજ્યપાલશ્રી ભગતસિંહ કોશિયારીની ભલામણથી દેશના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા ૬ મહિના માટે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું.
- મહારાષ્ટ્રમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રપતિ શાસન વર્ષ ૧૯૮૦માં લાગુ કરવામાં આવ્યું હતું. બાદમાં વર્ષ ૨૦૧૪માં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું.
- મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયાની આ ત્રીજી ઘટના છે.
- દેશમાં પ્રથમ રાષ્ટ્રપતિ શાસન વર્ષ ૧૯૫૧માં પંજાબ રાજ્યમાં લાગુ કરવામાં આવ્યું હતું.
- દેશમાં સૌથી વધુ વખત રાષ્ટ્રપતિ શાસન મણિપુર રાજ્યમાં લાગુ થયું છે. મણિપુરમાં કુલ ૧૦ વખત રાષ્ટ્રપતિ શાસન લાગુ થયું છે.
- ગુજરાતમાં હાલ સુધીમાં ૫ વખત રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું છે.

**રાષ્ટ્રપતિ શાસન :**

- જો કોઇ રાજ્યમાં બંધારણીય તંત્ર નિષ્ફળ જાય ત્યારે બંધારણના અનુચ્છેદ ૩૫૬ અંતર્ગત રાષ્ટ્રપતિ શાસન લાગે છે.
- રાષ્ટ્રપતિ શાસનને બંધારણીય કટોકટી પણ કહેવામાં આવે છે.
- રાષ્ટ્રપતિ શાસન એક સમયે કોઇપણ રાજ્યમાં ૬ મહિના સુધી લાગુ કરી શકાય છે.
- લોકસભા અને રાજ્યસભાની સહમતી બાદ તેને વધુમાં વધુ ૩ વર્ષ સુધી લાગુ કરી શકાય છે.
- રાષ્ટ્રપતિ કોઇપણ સમયે રાષ્ટ્રપતિ શાસન પરત લઇ શકે છે જેના માટે સંસદની મંજૂરી જરૂરી નથી.

(૪) **પ્રકાશ જાવડેકરને ભારે ઉદ્યોગ અને જાહેર સાહસો મંત્રાલયનો ચાર્જ :**

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરને ભારે ઉદ્યોગ અને જાહેર સાહસો મંત્રાલયનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો.
- તેમને આ ચાર્જ ભારે ઉદ્યોગ અને જાહેર સાહસો મંત્રાલયના મંત્રી અરવિંદ સાવંતના રાજીનામાં બાદ સોંપવામાં આવ્યો.
- અરવિંદ સાવંત શિવસેના પક્ષના નેતા છે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીબાદ થયેલ રાજકીય સંકટ બાદ તેમણે મંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું.
- કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર હાલમાં સૂચના અને પ્રસારણ મંત્રાલય તથા પર્યાવરણ વન અને જળવાયુ પરીવર્તન મંત્રાલયના પણ મંત્રી છે.

**જન પ્રસારણ દિવસ – ૧૨ નવેમ્બર :**

- દર વર્ષ ૧૨ નવેમ્બરના રોજ ભારતભરમાં જન પ્રસારણ દિવસ (Public Service Broadcasting Day) મનાવવામાં આવે છે.
- વર્ષ ૧૯૪૭માં આ દિવસે મહાત્મા ગાંધીએ ઓલ ઇન્ડિયા રેડિયોના સ્ટુડિયોની પ્રથમ અને એકમાત્ર મુલાકાત લીધી હતી.
- માટે આ દિવસની ઉજવણી વર્ષ ૨૦૦૦ થી કરવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

- ભારતના પ્રથમ રેડિયો પ્રસારણની યાદમાં ભારતભરમાં ૨૩ જુલાઇના રોજ રાષ્ટ્રીય પ્રસારણ દિવસ મનાવવામાં આવે છે.
- ભારતમાં ૮ જૂન ૧૯૩૬ના રોજ ઓલ ઇન્ડિયા રેડિયોની સ્થાપના થઇ હતી.
- ઓલ ઇન્ડિયા રેડિયો દ્વારા ૨૩ ભાષામાં પ્રસારણ કરવામાં આવે છે.

પ્રશ્નો (૧૪-૧૨-૧૯)

૧ વર્લ્ડ ડાયાબીટીસ ડે ક્યારે મનાવાય છે ?

- ૧૪ નવેમ્બર

૨ વર્લ્ડ ડાયાબિટીસ ડે-૨૦૧૯ની થીમ જણાવો ?

- Family and diabetes

૩ જવાહરલાલ નહેરૂની સમાધિનું નામ શું છે ?

- શાંતિવન

૪ દેશમાં સૌપ્રથમ રાષ્ટ્રપતિ શાસન કયા રાજયમાં લાગુ પડ્યું હતું ?

- પંજાબ

૬ દેશમાં સૌથી વધુ રાષ્ટ્રપતિ શાસન કયા રાજયમાં લાગુ પડ્યું હતું ?

- મણીપુર (૧૦ વખત)

૭ ભારે ઉદ્યોગ અને જાહેર સાહસો મંત્રાલયનો ચાર્જ કોને સોંપવામાં આવ્યો છે ?

- પ્રકાશ જાવડેકર

## 15. November. 2019

### (૧) Brics Summit-2019

- તાજેતરમાં બ્રાઝિલની રાજધાની બ્રાઝિલિયા ખાતે ૧૧ મી બ્રિક્સ સમિટ –૨૦૧૯ નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સમિટમાં બ્રિક્સ સમૂહના સભ્યદેશોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.
- ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પણ સમિટમાં હાજરી આપી હતી.
- આ સમિટમાં આતંકવાદ, આર્થિક સંરક્ષણવાદ, બ્રિક્સ નેટવર્ક, વૈશ્વિક મંદી વચ્ચે બ્રિક્સનો વિકાસ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- આ સમિટમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સંગઠનના દેશો વચ્ચે પારસ્પરિક સામાજિક સુરક્ષા કરાર થાય તે વિષય પર ચર્ચા કરવાનું સૂચવ્યું હતું.
- સમિટ દરમ્યાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ બ્રાઝિલના રાષ્ટ્રપતિશ્રી જેર બોલ્સોનારોને ૨૬મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ભારતના પ્રજાસત્તાક દિવસના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું હતું.

બ્રિક્સ :

- બ્રિક્સ પાંચ દેશોનું એક સમૂહ છે. જેમાં બ્રાઝિલ રશિયા, ઇન્ડિયા, ચાઇના અને સાઉથ આફ્રીકાનો સમાવેશ થાય છે.
- જેની સ્થાપના વર્ષ ૨૦૦૬માં બ્રાઝિલ, રશિયા, ઇન્ડિયા, અને ચાઇના દ્વારા કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૦માં આ સમૂહમાં સાઉથ આફ્રીકા જોડાયું હતું.
- વર્ષ ૨૦૧૪માં બ્રિક્સ દેશો દ્વારા New Devlopment Bank ની સ્થાપના કરવામાં આવી હતી જેનું વડુમથક ચીનના શાંઘાઈ ખાતે આવેલ છે.
- બ્રિક્સ દેશોની આગામી સમિટનું આયોજન રશિયાના સેન્ટ પીટર્સબર્ગ ખાતે કરવામાં આવશે. જે બ્રિક્સ દેશોની ૧૨મી સમિટ હશે.

### (૨) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનું કાર્યાલય પણ આર.ટી.આઇ અંતર્ગત

- તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદા મુજબ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનું કાર્યાલય પણ આર.ટી.આઇ અંતર્ગત આવે છે.
- સુપ્રીમ કોર્ટે આ નિર્ણય ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૨૪ અંતર્ગત કર્યો છે.
- સુપ્રીમ કોર્ટે આપેલ નિર્ણય મુજબ ભારતના મુખ્ય ન્યાયાધીશનું કાર્યાલય આરટીઆઇ હેઠળ આવતી જાહેર સંસ્થા છે.
- આ ચુકાદો સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઇની અધ્યક્ષતા વાળી પાંચ સભ્યોની બેંચે આપ્યો
- જેમાં ચીફ જસ્ટિસ રંજન ગોગોઇ (અધ્યક્ષ), જસ્ટિસ સંજીવ ખન્ના જસ્ટિસ દિપક ગપ્તા જસ્ટિસ એન.વી. રમન્ના અને ડી.વાય. ચંદ્રચૂંડનો સમાવેશ થાય છે.
- આર.ટી.આઇ એક્ટનું પુરૂનામ રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટ માહિતીનો અધિકાર અધિનિયમ છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં ૧૫ જૂન ૨૦૦૫ના રોજ આ એક્ટ સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો.
- ૧૨ ઓક્ટોબર ૨૦૦૫ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા તેને અમલમાં મૂકવામાં આવ્યો હતો.
- આ અધિનિયમ મુજબ સરકારી વિભાગોને નાગરિકો દ્વારા માંગવામાં આવેલ સૂચનાઓનો જવાબ નિયત સમયે આપવાનો હોય છે.
- આરટીઆઇનો ઉદ્દેશ્ય પારદર્શિતા વધારવાનો અને સરકારી વિભાગોની જવાબદારી સુનિશ્ચિત કરવાનો છે.

### (3) પેરિસ શાંતિ ફોરમ :

- **તાજેતરમાં ફ્રાંસની રાજધાની પેરિસ ખાતે પેરિસ શાંતિ ફોરમનું આયોજન કરવામાં આવ્યું હતું.**
- **આ ફોરમમાં વૈશ્વિક મુદ્દાઓના સમાધાન પર ચર્ચા કરવામાં આવી હતી.**
- **આ ફોરમમાં ૩૦ દેશોના રાષ્ટ્ર પ્રમુખોએ ભાગ લીધો હતો. જેમાં ભારતનું પ્રતિનિધિત્વ દેશના વિદેશ મંત્રી એસ. જયશંકર દ્વારા કરવામાં આવ્યું હતું.**
- **પેરિસ શાંતિ ફોરમ એક આંતરરાષ્ટ્રીય ઇવેન્ટ છે જેનું આયોજન ફ્રાન્સની રાજધાની પેરિસ ખાતે કરવામાં આવે છે.**
- **આ સંમેલનમાં આર્થિક અસમાનતા, જળવાયુ પરિવર્તન, સાઇબર સુરક્ષા અને આતંકવાદ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવે છે. પેરિસ શાંતિ ફોરમનું પ્રથમ આયોજન નવેમ્બર ૨૦૧૮માં કરવામાં આવ્યું હતું.**

પ્રશ્નો (૧૫-૧૨-૧૯)

૧ ૧૧ મી બ્રિક્સ સમિટ-૨૦૧૯નું આયોજન કયાં થયું હતું ?
- બ્રાઝિલ

૨ બ્રિકક્સ કુલ કેટલા દેશોનું સમુહ છે ?
- પાંચ

૩ બ્રાઝિલના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- જેર બોલ્સોમોનારો

૪ ભારતમાં આરટીઆઇ એક્ટ ક્યારે લાગુ થયો હતો ?
- ૧૨ ઓક્ટોબર -૨૦૦૫

૫ ફ્રાંસની રાજધાની જણાવો ?
- પેરિસ

૬ પેરિસ શાંતિ ફોરમનું પ્રથમ આયોજન ક્યારે કરવામાં આવ્યું હતું ?
- નવેમ્બર ૨૦૧૮

## 16. November. 2019

**(૧) આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ :**

**(૨) રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ :**

- **દર વર્ષે ૧૬ નવેમ્બરના રોજ ભારતભરમાં નેશનલ પ્રેસ ડે ની ઉજવણી કરવામાં આવે છે.**
- **આ દિવસની ઉજવણી પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની સ્થાપનાની યાદમાં કરવામાં આવે છે.**
- **પ્રેસ કાઉન્સીલ ઓફ ઇન્ડિયાની સ્થાપના ૧૬ નવેમ્બર ૧૯૬૬ના રોજ કરવામાં આવી હતી.**
- **આ સંસ્થા દેશમાં પ્રેસની સ્વતંત્રતા અને તેના માનાંક સુનિશ્ચિત કરવાનું કાર્ય કરે છે.**
- **તેનું મુખ્યાલય નવી દિલ્લી ખાતે આવેલ છે.**

**(૨) મેન્સ હોકી વર્લ્ડ કપ–૨૦૨૩ – ભારત યજમાન દેશ :**

- **તાજેતરમાં જાન્યુઆરી ૨૦૨૩માં યોજનાર મેન્સ હોકી વર્લ્ડ કપના યજમાન દેશ તરીકે ભારતની પસંદગી કરવામાં આવી.**
- **આ સાથે જ ભારત ચાર વખત મેન્સ હોકી વર્લ્ડ કપની યજમાની કરનાર વિશ્વનો પ્રથમ દેશ બનશે.**
- **આ અગાઉ ભારતમાં વર્ષ ૧૯૮૨માં મુંબઇ ખાતે વર્ષ ૨૦૧૦ માં નવી દિલ્લી ખાતે અને વર્ષ ૨૦૧૮માં ભુવનેશ્વર ખાતે મેન્સ હોકી વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું હતું.**
- **મેન્સ હોકી વર્લ્ડ કપનું આયોજન ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા કરવામાં આવે છે.**
- **ઇન્ટરનેશનલ હોકી ફેડરેશનની સ્થાપના વર્ષ ૧૯૨૪માં કરવામાં આવી હતી.**

**(૩) રવિ પ્રકાશ – બ્રિક્સ યંગ ઇનોવેટર પ્રાઇઝ :**

- **તાજેતરમાં ભારતના રવિ પ્રકાશને બ્રિક્સ યંગ ઇનોવેટર પ્રાઇઝથી સન્માનીત કરવામાં આવ્યા.**
- **તેમને આ સન્માન નાના અને સસ્તા મિલ્ક ચિલિંગ યુનિટના આવિષ્કાર બદલ આપવામાં આવ્યું છે.**
- **તેમને આ સન્માન ૬ થી ૮ નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન બ્રાઝિલ ખાતે યોજાયેલ બ્રિક્સ યુવા વૈજ્ઞાનીક ફોરમ કોંકલેવમાં આપવામાં આવ્યું.**
- **તેમને આ સન્માન અંતર્ગત ૨૫૦૦૦ ડોલર ઇનામી પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યું.**
- **રવિ પ્રકાશ** (ICAR- National Dairy Research Institute (NDRI) **બેંગ્લોરના પીએચડી સ્કૉલર છે.**
- **તેઓ ચોથા બ્રિક્સ યુવા વૈજ્ઞાનિક ફોરમ –૨૦૧૯માં સામેલ થનાર ૨૧ પ્રતિનિધિઓ પૈકી એક છે.**

પ્રશ્નો (૧૬-૧૨-૧૯)

૧ આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૬ નવેમ્બર

૨ નેશનલ પ્રેસ ડે ક્યારે મનાવાય છે ?
- ૧૬ નવેમ્બર

૩ મેન્સ હોકી વર્લ્ડ કપ - ૨૦૨૩ નું આયોજન કયાં થશે ?
- ભારત

૪ ૨૦૧૮માં મેન્સ હોકી વર્લ્ડ કપનું આયોજન ક્યાં થયું હતું ?
- ભુવનેશ્વર

૫ બ્રિક્સ યંગ ઇનોવેટર પ્રાઇઝ થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?

Vivekanand Academy Gandhinagar

- રવિ પ્રકાશ

## 17. November. 2019

**૧) વિશ્વ અકસ્માત દિવસ :**

- દર વર્ષે નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સડક અકસ્માતમાં ભોગ બનેલા લોકોની યાદ માટે આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ વિશ્વ અકસ્માત દિવસ તરીકે પણ ઓળખાય છે.
- વર્ષ ૨૦૧૯માં ૧૭ નવેમ્બરના રોજ વિશ્વ અકસ્માત દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.
- વર્ષ ૨૦૧૯ થીમ – Life in not a car part

**(૨) અગ્નિ–૨ મિસાઇલનું સફળ પરિક્ષણ :**

- તાજેતરમાં દેશના ઓડિશાના ચાંદીપુર ખાતે આવેલ અબ્દુલ કલામ આઇલેન્ડ પર અગ્નિ–૨ મિસાઇલનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું.
- અગ્નિ–૨ મિસાઇલનું પરીક્ષણ રાત્રી દરમિયાન કરવામાં આવ્યુ હતું. આ પ્રકારની આ પ્રથમ ઘટના છે.
- અગ્નિ મિસાઇલ જમીન પરથી જમીન પર પ્રહાર કરતી પરમાણુ સક્ષમ મિડીયમ રેન્જની બેલિસ્ટિક મિસાઇલ છે.
- આ મિસાઇલની મારક ક્ષમતા બે હજાર કિલોમીટર સુધીની છે.
- અગ્નિ – ૨ મિસાઇલની ડિઝાઇન ડીઆરડીઓ દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- તેનું નિર્માણ ભારત ડાયનામિક્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.

**(૩) પાણીની ગુણવત્તા અંગેનો રિપોર્ટ :**

- તાજેતરમાં કેન્દ્રીય ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રી શ્રી રામવિલાસ પાસવાન દ્વારા પાણીની ગુણવત્તા અંગેનો એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો.
- આ રિપોર્ટ બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ના જળ જીવન અભિયાનને મદદ થઇ શકે તે માટે દિલ્હી અને દેશના વિવિધ રાજયની ૨૦ રાજધાનીમાંથી નળ દ્વારા પહોંચાડવામાં આવતા પાણીના જુદા જુદા નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા હતા.
- તેનું ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ૧૦૫૦૦:૨૦૧૨ મુજબ પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત ભારતભરમાં મુંબઇ પ્રથમ સ્થાને છે અંતિમ સ્થાને દેશની રાજધાની દિલ્હી છે.
- આ પરિક્ષણ મુજબ ગુજરાતનું ગાંધીનગર દસમા ક્રમે છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જળ જીવન અભિયાન અંતર્ગત અંતર્ગત વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતના દરેક ઘરોમાં નળ દ્વારા શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

**(૪) રાષ્ટ્રીય જનજાતિ ઉત્સવ : – આદિ મહોત્સવ :**

- તાજેતરમાં નવી દિલ્લી ખાતે રાષ્ટ્રીય જનજાતિ ઉત્સવ – આદિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.
- આ ઉત્સવનું આયોજન નવી દિલ્લી ખાતે ૧૬ નવેમ્બરથી ૩૦ નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવી રહ્યું છે.
- આ ઉત્સવનું ઉદ્‌ઘાટન દેશના ગૃહ મંત્રીશ્રી અમિત શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ ઉત્સવમાં જનજાતિય સંસ્કૃતિ શિલ્પકલા, વેશભૂષા, ભોજન વગેરેનું પ્રદર્શન કરવામાં આવશે.
- આદિ મહોત્સવનું આયોજન કેન્દ્રીય જનજાતિ મંત્રાલય અને ટ્રાઇબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલોપમેન્ટ ફેડરેશન ઓફ ઇન્ડિયા (Tribal Cooperative Marketing Development Federation of India Limited- TRIFED) દ્વારા કરવામાં આવ્યું છે.
- TRIFED દ્વારા દર વર્ષે આ પ્રકારના ૨૬ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૯૦૦ થી વધુ શિલ્પકારો ભાગ લે છે.
- આદિ મહોત્સવનું આયોજન આદિજાતિ સમુદાયના આર્થિક વિકાસ કરવાના હેતુથી કરવામાં આવ્યું છે જેમાં આદિજાતિ સંસ્કૃતિ, શિલ્પ અને ઔષધિને પ્રદર્શિત કરવામાં આવે છે.
- TRIFED આદિજાતિ બાબતોના કેન્દ્રીય મંત્રાલય અંતર્ગત એક સહકારી સમિતિ છે.
- તેની સ્થાપના મલ્ટી સ્ટેટ કૉ ઓપરેટિવ સોસાયટી અધિનિયમ ૧૯૮૪ અંતર્ગત વર્ષ ૧૯૮૭માં કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.
- આ સંસ્થા આદિવાસી દ્વારા ઉત્પાદિત થતી વસ્તુઓના માર્કેટિંગનું કાર્ય કરે છે.

પ્રશ્નો (૧૭-૧૨-૧૯)

૧ વિશ્વ અકસ્માત દિવસ ક્યારે મનાવાય છે ?

- દર વર્ષે નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે

૨ વિશ્વ અકસ્માત દિવસ-૨૦૧૯ની થીમ જણાવો ?

- Life in not a car part

૩ અગ્નિ-૨ નું સફળ પરિક્ષણ કયાં સ્થળેથી કરવામાં આવ્યું હતું ?

- ઓડિશાના ચાંદીપરુ ખાતે આવેલ અબ્દુલ આઇલેન્ડ પર

૪ પાણીના ગુણવત્તા અંગેનો રીપોર્ટ અનુસાર ગાંધીનગર કયા ક્રમે છે ?

- દસમાં ક્રમે

૫ જળ જીવન અભિયાન અંતર્ગત કયા વર્ષ સુધીમાં ભારતના દરેક ઘરોમાં નળ દ્વારા શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાનું લક્ષ્યાંક છે ?

- વર્ષ ૨૦૨૦

૬ રાષ્ટ્રીય જનજાતિ ઉત્સવ-આદિ મહોત્સવનું ઉદ્ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

- અમિત શાહ

## 18. November. 2019

**(૧) લાલા લજપતરાય નિર્વાણ દિન :**

- **ભારતના રાષ્ટ્રવાદી નેતા લાલા લજપતરાયની ૧૭ નવેમ્બરના રોજ નિર્વાણ દિન છે.**
- **લાલા લજપતરાયને પંજાબ કેસરી તરીકે પણ ઓળખવામાં આવતા હતા.**
- **તેમનો જન્મ ૨૮ જાન્યુઆરી ૧૮૬૫માં બ્રિટિશ ભારતના પંજાબમાં થયો હતો.**
- **તેમને સ્વદેશી આંદોલન દરમ્યાન તેમની ભૂમિકા અને શિક્ષણની હિમાયત માટે યાદ કરવામાં આવે છે.**
- **તેમણે ધી પંજાબી અને ધી પ્યુપિલ જેવા વર્તમાન પત્રો શરૂ કર્યા હતા.**
- **તેમને પંજાબ નેશનલ બેંક અને લક્ષ્મી વીમા કંપનીની સ્થાપના પણ કરી આવી હતી.**
- **વર્ષ ૧૯૨૮ના સમયમાં તેમણે સાયમન કમીશનને વિરૂદ્ધ કર્યો હતો જેમાં લાઠી ચાર્જમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને અંતે તેમનું અવસાન થયું હતું.**

**(૨) જમ્મુ કાશ્મીરમાં નિષ્ઠા કાર્યક્રમ :**

- **તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ કશ્મીરમાં નિષ્ઠા કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો.**
- **નિષ્ઠા** –National Initiative on School Head's and Teacher's Holistic Advancement **એક વિશ્વનો સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમ છે.**
- **આ કાર્યક્રમ અંતર્ગત વેબસાઇટ, ટ્રેનિંગ મોડ્યુલ, બુકલેટ અને મોબાઇલ એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી.**
- **આ કાર્યક્રમ અંતર્ગત દેશના ૪૨ લાખથી વધુ શિક્ષકોને તાલીમ આપવામાં આવી રહી છે.**
- **આ મોબાઇલ એપ્લીકેશન** NCERT **દ્વારા તૈયાર કરવામાં આવી છે.**
- NCERT- National Council of Educational Research and Training

**(૩) વિન્ટર ગ્રેડ ફ્યુલનું લોન્ચિંગ**

- **તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિત શાહે લદ્દાખમાં શિયાળા દરમ્યાન સરળતાથી ઉપયોગમાં લઇ શકાય તેવા ડીઝલ (વિન્ટર ગ્રેડ ફ્યુલ) નું લોન્ચિંગ કર્યું.**
- **આ ડીઝલને ઇંડિયન ઓઇલ કોર્પોરેશનની પાણીપત રિફાઇનરીમાં વિકસાવવામાં આવ્યું છે. તેનો ઉપયોગ માઇનસ ૩૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં પણ કરી શકાય છે.**
- **આ ડીઝલ** BS-4 **ના નોમર્સને અનુકૂળ છે જેને પંજાબના જલંધર ખાતે ઔદ્યોગિક ઢબે વિકસાવી લદ્દાખ અને જમ્મુ કાશ્મીરમાં પહોચાડવામાં આવશે.**
- **આ ડીઝલની મદદથી લદ્દાખના વિસ્તારમાં સમગ્ર વર્ષ દરમ્યાન બરફાચ્છાદિત ક્ષેત્રમાં રોડ કનેક્ટિવિટી અને ટુરિઝમને પ્રોત્સાહન મળશે.**

**(૪) ગોતાબાયા રાજપક્સે – શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ :**

- **તાજેતરમાં શ્રીલંકામાં યોજાયેલી રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ગોતાબાયા રાજપક્સે જીત મેળવી છે.**
- **તેઓ શ્રીલંકા પીપલ્સ ફ્રન્ટ પક્ષના નેતા છે.**
- **ગોતાબાયા રાજપક્સેએ રાષ્ટ્રપતિ તરીકે મૈત્રીપાલા સિરિસેનાનું સ્થાન લેશે. તેઓ શ્રીલંકા ફ્રીડમ પાર્ટીના નેતા છે.**
- **ગોતાબાયા રાજપક્સે સાજીત પ્રેમદાસા અને અનુરા કુમારાને પરાજિત કરી આ જીત મેળવી છે.**

પ્રશ્નો (૧૮-૧૧-૧૯)

૧ પંજાબ કેસરી તરીકે કોણ ઓળખાતું હતું ?

- લાલા લજપતરાય

૨ લાલા લજપતરાય કયા કયા વર્તમાનપત્રો શરૂ કર્યા હતા ?

- ધી પંજાબી, થી પ્યુપિલ

૩ કેન્દ્ર સરકાર દ્વારા કયા રાજ્યમાં નિષ્ઠા કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો હતો ?

- જમ્મુ કાશ્મીર

૪ વિશ્વનો સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમનું નામ જણાવો ?

- નિષ્ઠા

૫ લદ્દાખમાં વિન્ટર ગ્રેડ ફ્યુલ નું લોન્ચિંગ કોણે કર્યું હતું ?

- અમિત શાહ

૬ શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિનું નામ જણાવો ?

- ગોતાબાયા રાજ્યકસે

## 19. November. 2019

(૧) વિશ્વ શૌચાલય દિવસ :

- દર વર્ષે ૧૯ નવેમ્બરના રોજ વિશ્વભરમાં વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી વર્લ્ડ ટોયલેટ ઓર્ગેનાઇઝેશન દ્વારા વર્ષ ૨૦૦૧માં કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૧૩માં આ દિવસને માન્યતા આપવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ – Leaving no one behind

(૨) ઇન્દિરા ગાંધી – જન્મજયંતિ :

- ૧૯ નવેમ્બરના રોજ દેશના એકમાત્ર મહિલા પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીની જન્મજયંતી છે.
- તેમનો જન્મ ૧૯ નવેમ્બર ૧૯૧૭ના રોજ ઉત્તરપ્રદેશના અલાહાબાદ ખાતે થયો હતો. (હાલનું પ્રયાગરાજ)
- તેઓ પ્રિયદર્શિની ઉપનામથી જાણીતા હતા.
- તેઓ વર્ષ ૧૯૬૬ માં શ્રીલાલ બહાદુર શાસ્ત્રીના નિધન બાદ દેશના પ્રધાનમંત્રી બન્યા હતા.
- વર્ષ ૧૯૭૧માં તેમના પ્રધાનમંત્રીકાળ દરમ્યાન ભારત અને પાકિસ્તાનનું યુદ્ધ થયું હતું જેના પરિણામે બાંગ્લાદેશ એક સ્વતંત્ર દેશ બન્યો હતો.
- ઇન્દિરા ગાંધીની ભલામણથી વર્ષ ૨૬ જૂન ૧૯૭૫ના રોજ દેશના તત્કાલિન રાષ્ટ્રપતિશ્રી ફકરૂદ્દીન અલી અહેમદે દેશમાં કટોકટી જાહેર કરી હતી.
- ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ નવી દિલ્લી ખાતે તેમના જ સુરક્ષા કર્મચારીઓ દ્વારા ઇન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી હતી.
- તેમનું સમાધિસ્થળ શક્તિ સ્થળ તરીકે ઓળખાય છે.
- ભારત સરકાર દ્વારા તેમને વર્ષ ૧૯૭૧માં ભારત રત્ન સન્માન આપવામાં આવ્યું હતું.
- બાંગ્લાદેશ દ્વારા વર્ષ ૨૦૧૧માં તેમને બાંગ્લાદેશ ફ્રિડમ ઓનરથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

(૩) એસ.એ. બોબડે – દેશની સુપ્રીમ કોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ :

- ૧૮ નવેમ્બર ૨૦૧૯ના રોજ દેશની સુપ્રીમ કોર્ટના ૪૭માં મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી એસ.એ. બોબડેએ શપથ લીધા.
- નવી દિલ્લી ખાતે આવેલ રાષ્ટ્રપતિભવનમાં યોજાયેલ શપથવિધિ કાર્યક્રમમાં દેશના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા તેમને શપથ અપાવવામાં આવ્યા હતા.
- તેઓ સુપ્રીમ કોર્ટના ૪૬માં મુખ્ય ન્યાયાધીશ શ્રી રંજન ગોગોઇનું સ્થાન લેશે. રંજન ગોગોઇ ૧૭ નવેમ્બર ૨૦૧૯ના રોજ નિવૃત્ત થયા.
- દેશની સુપ્રીમ કોર્ટના ૪૭માં મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડેનું પુરૂનામ શરદ અરવિંદ બોબડે છે.
- તેમનો જન્મ વર્ષ ૧૯૫૬માં મહારાષ્ટ્રના નાગપુર ખાતે થયો હતો.
- તેમણે તેમની વકીલ તરીકેની કારકીર્દી વર્ષ ૧૯૭૮માં નાગપુર બેન્ચના વકીલ તરીકે કરી હતી.
- વર્ષ ૨૦૧૩માં તેઓ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બન્યા હતા આ અગાઉ તેઓ મહારાષ્ટ્રના મુખ્ય ન્યાયાધીશ તરીકે પણ સેવા ચૂક્યા છે.
- તેઓ દેશના મુખ્ય ન્યાયાધીશ પદ પરથી ૨૩ એપ્રિલ ૨૦૨૧ના રોજ નિવૃત્ત થશે.

રંજન ગોગોઇ :

- રંજન ગોગોઇ સુપ્રીમ કોર્ટના ૪૬માં મુખ્ય ન્યાયાધીશ તરીકે ૩ ઓક્ટોબર ૨૦૧૮ થી કાર્યરત છે.
- તેમનો કાર્યકાળ ૧૩ મહિના ૧૩ દિવસનો રહ્યો હતો.
- તેમણે ૪૬માં મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાનું સ્થાન લીધું હતું.
- તેમનો જન્મ ૧૮ નવેમ્બર ૧૯૫૪ના રોજ આસામના ડિબ્રૂગઢમાં થયો હતો.
- તેઓ વર્ષ ૧૯૭૮માં બાર કાઉન્સિલમાં જોડાયા હતા.
- ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૧ના રોજ તેમને ગુવાહાટી હાઇકોર્ટના સ્થાયી જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ તેમને પંજાબ હરિયાણા હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બનાવવામાં આવ્યા હતા.
- ત્યારબાદ પ્રમોશન પછી એપ્રિલ ૨૦૧૨માં જસ્ટિસ ગોગોઇને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બનાવવામાં આવ્યા.
- તેઓ પૂર્વોત્તર ભારતમાંથી આવતા દેશના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા.

સુપ્રિમ કોર્ટ :

- સ્થાપના ૧ ઓકટોબર ૧૯૩૫ (અંગ્રેજો દ્વારા ફેડરલ કોર્ટ ઓફ ઇન્ડિયા ભારત સરકાર અધિનિયમ ૧૯૩૫ અંતર્ગત)
- સ્વતંત્રતા બાદ સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા તરીકે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦ થી કાર્યરત છે.
- સુપ્રીમ કોર્ટની સ્થાપના અનુચ્છેદ ૧૨૪ અંતર્ગત કરવામાં આવી છે.
- ભારતીય બંધારણના ભાગ – ૫માં અનુચ્છેદ ૧૨૪ થી ૧૪૭ અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઇ કરવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટ બંધારણના વાલી તરીકે કાર્ય કરે છે. સુપ્રીમ કોર્ટનું આદર્શ વાક્ય ‘યતો ધર્મસ્તતો જય’ છે.
- હાલની સુપ્રીમ કોર્ટ બિલ્ડીંગની ડિઝાઇન ગણેશ ભિખાજી ડિયોલાલીકર દ્વારા તૈયાર કરવામાં આવી છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૨૪ (૧) અંતર્ગત સંસદ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં વધારો ઘટાડો કરવામાં આવે છે.
- હાલ સુપ્રીમ કોર્ટમાં ૧ મુખ્ય ન્યાયાધીશ સહિત કુલ ૩૪ જજ રાખવાની જોગવાઇ છે.શરૂઆતના સમયમાં સુપ્રીમ કોર્ટમાં ૧ મુખ્યન્યાયાધીશ સહિત કુલ ૮ ન્યાયાધીશ હતા.

**(૪) ભારત દ્વારા સંયુક્ત અરબ અમીરાતના નાગરિકો માટે વિઝા ઓ આરઇવલ :**

- તાજેતરમાં ભારત દ્વારા સંયુક્ત અરબ અમીરાતના નાગરિકો માટે વિઝા ઓન આરઇવલની સુવિધા શરૂ કરવામાં આવી.
- આ સેવા શરૂ કરવાનો ઉદ્દેશ્ય ભારત અને સંયુક્ત રાષ્ટ્રના સંબંધો મજબૂત કરવાનો છે.
- સંયુક્ત અરબ અમીરાતના નાગરિકો માટે વિઝા ઓન આરઇવલની સુવિધા બે મહિના સુધીની મુદત માટે ઉપલબ્ધ થશે.
- આ સુવિદા દેશના ૬ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દિલ્લી, મુંબઇ, બેંગ્લોર, ચેન્નાઇ, હૈદરાબાદ અને કલકત્તા ખાતે ઉપલબ્ધ કરવામાં આવી છે.

પ્રશ્નો (૧૯-૧૨-૧૯)

૧ વિશ્વ શૌચાલય દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૯ નવેમ્બર

૨ વિશ્વ શૌચાલય દિવસ-૨૦૧૯ની થીમ જણાવો ?
- Leaving no one behind

૩ ઈન્દિરા ગાંધીનો જન્મ કયાં થયો હતો ?
- અલાહાબાદ, ઉત્તરપ્રદેશ

૪ ઈન્દિરા ગાંધીનું સમાધિસ્થળ કયાં નામે ઓળખાય છે ?
- શક્તિ સ્થળ

૫ દેશની સુપ્રીમ કોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશનું નામ જણાવો ?
- એસ.એ. બોબડે

૬ સુપ્રીમ કોર્ટના ૪૭માં મુખ્ય ન્યાયાધીશનું પુરૂનામ જણાવો ?
- શરદ અરવિંદ બોબડે

૭ સુપ્રીમ કોર્ટની સ્થાપના બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવી છે ?
- A-124

## 20. November. 2019

**(૧) વિશ્વ બાળ દિન – ૨૦ નવેમ્બર**

**(૨) SAANS (સાંસ) અભિયાન**

- તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. હર્ષવર્ધન દ્વારા દેશમાં SAANS (સાંસ) અભિયાન લોન્ચ કરવામાં આવ્યું.
- SAANS (સાંસ) અભિયાનનું પુરૂનામ Social Awareness And Action to Neutralise Pneumonia Successfully' છે.
- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ન્યુમોનિયાને લીધે દેશમાં થતાં બાળ મૃત્યુદરને ઘટાડવાનો છે.
- દેશમાં ન્યુમોનિયા રોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ અભિયાન અંતર્ગત ન્યુમોનિયા પીડિત બાળકોને આશા કાર્યકર્તા દ્વારા એન્ટિ – બાયોટિક અમોક્સીલીનના ડોઝ આપવામાં આવશે.
- દેશમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનું ૧૫% મૃત્યુ ન્યુમોનિયાના કારણે થાય છે.

**(૩) અસ્ત્ર મિસાઇલની પ્રહાર ક્ષમતામાં વધારો કરવાની જાહેરાત :**

- તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઇઝેશનના ચેરમેન જી. સતિશ રેડ્ડી દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ સ્વદેશી બનાવટની અસ્ત્ર મિસાઇલની પ્રહાર ક્ષમતામાં વધારો કરવામાં આવશે.
- સંપૂર્ણ સ્વદેશી બનાવટ થયેલી આ મિસાઇલ air to air પ્રહાર કરતી ભારતમાં બનેલ પ્રથમ મિસાઇલ છે.
- અસ્ત્ર મિસાઇલની ડિઝાઇન ડીઆરડીઓ દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- તેનું નિર્માણ ભારત ડાયનામીક લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવે છે.

**DRDO**

DRDO - The Defence Research and Development Organisation

- DRDO ની સ્થાપના વર્ષ ૧૯૫૮માં થઇ હતી.
- મુખ્યાલય : ભવન, નવી દિલ્લી
- ચેરમેન જી. સતિશ રેડ્ડી
- આદર્શ વાક્ય : બલસ્ય મૂલં વિજ્ઞાનમ્

**(૪) વર્લ્ડ ટેલેન્ટ રેંકિંગ ૨૦૧૯ :**

- તાજેતરમાં ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્વિઝર્લેન્ડ દ્વારા વર્લ્ડ ટેલેન્ટ રેંકિંગ ૨૦૧૯ નામથી રેંકિંગ જાહેર કરવામાં આવ્યો.
- આ રેંકિંગમાં વિશ્વના ૬૩ દેશોને સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં ભારત ૫૯માં સ્થાને છે.

Vivekanand Academy Gandhinagar

- વર્ષ ૨૦૧૮માં જાહેર થયેલ રેંકિંગમાં ભારત ૫૩માં સ્થાને હતું.
- વર્લ્ડ ટેલેન્ટ રેંકિંગ ૨૦૧૯માં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ સ્થાને છે. જ્યારે બીજા અને ત્રીજા સ્થાને અનુક્રમે ડેન્માર્ક અને સ્વીડન છે.
- રેંકિંગમાં સ્વિત્ઝર્લેંડ સતત છઠ્ઠી વખત પ્રથમ સ્થાને છે.
- આ રેંકિંગમાં અંતિમ સ્થાને મોંગોલિયા છે.

**(૫) થાઇલેન્ડ ખાતે ૬ થી ADDM પ્લસ બેઠકનું આયોજન**

- તાજેતરમાં થાઇલેન્ડ ખાતે ૬ થી ADDM પ્લસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ બેઠક આસિયાન દેશોના રક્ષા મંત્રી તથા ૬ થી ADDM પ્લસ દક્ષિણ પૂર્વ એશિયામાં સુરક્ષા માટેનું મુખ્ય મંત્રીસ્તરીય પ્લેટફોર્મ છે.
- આ પ્લેટફોર્મમાં આસિયાન દેશો દ્વારા સુરક્ષા અને સહયોગ પર ચર્ચા કરવામાં આવે છે.
- આ બેઠકમાં આસિયાન દેશોના રક્ષા મંત્રી સાથે ભારત, ઓસ્ટ્રેલીયા ચીન, જાપાન, ન્યુઝીલેન્ડ દક્ષિણ કોરિયા રશિયા અને અમેરિકાના રક્ષા મંત્રીઓએ ભાગ લીધો હતો.
- ADDM પ્લસ બેઠકનું પ્રથમ આયોજન વર્ષ ૨૦૧૦માં વિયેતનામની રાજધાની હનોઇ ખાતે કરવામાં આવ્યું હતું.

**ASEAN**

ASEAN (આસિયાન) દક્ષિણ પૂર્વ એશિયાના ૧૦ દેશોનું સંગઠન છે.

- જેની સ્થાપના વર્ષ ૧૯૬૭માં બેંગકોક ખાતે કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય ઇન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલ છે.
- આસિયાન સંગઠનના સભ્ય દેશો – થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, બ્રુનેઇ, કંબોડિયા, લાઓસ, મ્યાનમાર, મલેશિયા, સિંગાપોર, ફિલિપાઇન્સ અને વિયેતનામ છે.
- ASEAN- Association of Southeast Asian Nations

પ્રશ્નો (૨૦-૧૨-૧૯)

૧ વિશ્વ બાળદિન ક્યારે ઉજવાય છે ?

- ૨૦ નવેમ્બર

૨ સાંસ અભિયાન કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?

- ડૉ.હર્ષવર્ધન

૩ ન્યુમોનિયા રોગ અંગે જાગૃતિ ફેલાવવા કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યુ ?

- સાંસ અભિયાન

૪ ડીઆરડીઓના ચેરમેન જણાવો ?

- જી. સતિશ રેડ્ડી

૫ એર ટુ એર પ્રહાર કરતી ભારતમાં બનેલ પ્રથમ મિસાઇલ જણાવો ?

- અસ્ત્ર

૬ વર્લ્ડ ટેલેન્ટ રેકિંગ -૨૦૧૯માં ભારતનો ક્રમ જણાવો ?

- ૫૩ મો

## 21. November. 2019

**(૧) વિશ્વ મત્સ્યપાલન દિવસ– ૨૧ નવેમ્બર :**

**(૨) વર્લ્ડ ટેલીવિઝન ડે :**

- દર વર્ષે ૨૧ નવેમ્બરના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્લ્ડ ટેલીવિઝન ડે મનાવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ ૧૭ ડિસેમ્બર ૧૯૯૬ના રિઝોલ્યુશન ૫૧/૨૦૫ દ્વારા આ દિવસની ઘોષણા કરી હતી.
- ૨૧ અને ૨૨ નવેમ્બર ૧૯૯૬ના રોજ યુનાઇટેડ નેશન્સે પ્રથમ વર્લ્ડ ટેલિવિઝન ફોરમનું આયોજન કર્યું હતું.
- તેથી જનરલ એસેમ્બલીએ ૨૧ મી નવેમ્બરના રોજ વર્લ્ડ ટેલિવિઝન ડે તરીકે જાહેર કરવાનો નિર્ણય લીધો.

**(૨) સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર –૨૦૧૯**

- તાજેતરમાં વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી ડી.વી. સદાનંદ ગૌડા અને કેન્દ્રીય જલશક્તિ રાજ્ય મંત્રીશ્રી રતનલાલ કટારીયા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર ૨૦૧૯ એનાયત કરવામાં આવ્યા.
- સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર –૨૦૧૯ અંતર્ગત દેશના રાજ્યોમાં તામિલનાડુ રાજ્ય પ્રથમ સ્થાને છે.
- જ્યારે હરિયાણા અને ગુજરાત અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કર –૨૦૧૯ દેશના જિલ્લાઓમાં તેલંગાણા રાજ્યનો પેદડાપલ્લી જિલ્લો પ્રથમ સ્થાને છે.
- આ સર્વેમાં સૌથી વધુ નાગરીક ભાગીદારી વાળા રાજ્યોમાં ઉત્તરપ્રદેશ પ્રથમ ક્રમે છે.
- દેશમાં પશ્ચિમ રાજ્યોમાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે છે. પશ્ચિમી રાજ્યોના જિલ્લામાં ગુજરાતનો પાટણ જિલ્લો પ્રથમ સ્થાને છે.

**(3) ૫૦માં ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા ૨૦૧૯નો પ્રારંભ :**

- તાજેતરમાં ગોવાના પણજી ખાતે આવેલ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે ૫૦માં

ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા – ૨૦૧૯નો પ્રારંભ થયો.

– કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

– ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્દઘાટન સમારંભમાં ગોવાના પૂર્વ મુખ્યમંત્રીશ્રી મનોહર પારિકરને એક શોર્ટ ફિલ્મ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

– આ ફિલ્મ ફેસ્ટિવલમાં હોસ્ટ તરીકે કરણ જોહર હતા.

– આ ફિલ્મ ફેસ્ટિવલમાં ૭૬ દેશોની ૨૦૦ થી વધુ ફિલ્મો બતાવવામાં આવશે.

– આ ફિલ્મ ફેસ્ટિવલનો પ્રારંભ ઇટાલીની ફિલ્મ ફિલ્મો બતાવવામાં આવશે.

– ફિલ્મ ફેસ્ટિવલમાં ફોક્સ કેન્ટ્રી તરીકે રશિયાની પસંદગી કરવામાં આવી છે.

– ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયાનું ભારતમાં પ્રથમ આયોજન ૨૪ જાન્યુઆરી ૧૯૫૨ માં મુંબઇ ખાતે થયું હતું.

– બીજા ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન વર્ષ ૧૯૬૧માં નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું.

– વર્ષ ૧૯૯૩થી આ ફેસ્ટિવલનું આયોજન દર બે વર્ષે કરવામાં આવે છે.

– વર્ષ ૨૦૦૪ થી તેનું આયોજન દર વર્ષે ગોવા ખાતે યોજાય છે.

– તેનું આયોજન કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય, ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ અને ગોવા સરકાર દ્વારા કરવામાં આવે છે.

**(૪) ૯ વખત રિસાઇકલ થઇ શકે તેવા પેકેજીંગ મટીરીયલના પ્લાન્ટની શરૂઆત :**

– તાજેતરમાં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મૌરેયા ખાતે ૯ વખત રીસાઇકલ થઇ શકે તેવા પેકેજીંગ મટીરીયલના પ્લાન્ટની શરૂઆત થઇ.

– આ પ્લાન્ટ ઓસ્ટ્રેલિયાની કોન્સ્ટેન્ટીઆ ફ્લેક્સીબલ્સ નામની કંપની દ્વારા સ્થાપવામાં આવ્યો છે.

– આ પ્લાન્ટનું ઉદ્દઘાટન ભારત ખાતેના ઓસ્ટ્રેલિયાના રાજદૂત દ્વારા કરવામાં આવ્યું હતું.

– વજનમાં ખુબ જ હલકું આ મટીરીયલ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વિકલ્પ બનશે જેને ઇકોલેમ નામના પેકેજીંગ મટીરીયલનું ઉત્પાદન કરવામાં આવશે.

**(૫) પાંચ કેન્દ્ર સરકારની માલિકીના જાહેર સાહસોના ડિસઇન્વેસ્ટમેન્ટને મંજૂરી :**

– તાજેતરમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્લી ખાતે યોજાયેલ કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં દેશના પાંચ કેન્દ્ર સરકારની માલીકીના જાહેર સાહસોના ઇસઇન્વેસ્ટીને મંજૂરી આપવામાં આવી.

– જેમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ, કન્ટેનર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ Tehri Hydro development Corporation Ltd. North Eastern Electric Power Corporationનો સમાવેશ થાય છે.

– ભારત સકાર દ્વારા ડિસઇન્વેસ્ટમેન્ટ યોજના વર્ષ–૨૦૧૯ના બજેટ સત્રમાં જાહેર કરવામાં આવી હતી.

– આ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ માટે ૧.૦૫ લાખ કરોડ રૂપિયાના ડિસઇન્વેસ્ટમેન્ટનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું હતું.

પ્રશ્નો (૨૧-૧૨-૧૯)

૧ વિશ્વ મત્સ્યપાલન દિવસ ક્યારે ઉજવાય છે ?

- ૨૧ નવેમ્બર

૨ વર્લ્ડ ટેલી વિઝન ડે ક્યારે મનાવાય છે ?

- ૨૧ નવેમ્બર

૩ સ્વચ્છત સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કાર-૨૦૧૯ અંતર્ગત પ્રથમ ક્રમે કયું રાજય છે ?

- તામિલનાડુ

૪ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ પુરસ્કારમાં પશ્ચિમી રાજયોમાં કયો જિલ્લો પ્રથમ સ્થાને છે ?

- પાટણ

૫ ૫૦ માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ ઓફ ઈન્ડિયા ૨૦૧૯ નો પ્રારંભ કયાં થયો ?

- ગોવા

૬ ૯ વખત રીસાઈકલ થઈ શકે તેવા પેકેજીંગ મટીરીયલના પ્લાન્ટની સ્થાપના કયાં થઈ ?

- અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મૌરીયા ખાતે

## 22. November. 2019

**(૧) દક્ષિણ એશિયા સુરક્ષા શિખર સંમેલન–૨૦૧૯**

– તાજેતરમાં નવી દિલ્હી ખાતે દક્ષિણ એશિયા સુરક્ષા શિખર સંમેલન ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું.

– ભારત સરકારના કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સોશિયલ મીડિયા કંપની ફેસબુક સાથે મળી આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

– આ શિખર સંમેલનમાં ડિજિટલ પ્લેટફોર્મ સાથે સંકળાયેલા લોકોની સુરક્ષા અંગે સુરક્ષા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

- સંમેલન દરમિયાન કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાનીએ વિ. થિંક ડિજિટલ નામ પણ લોન્ચ કરી હતી.
- આ વેબસાઇટના માધ્યમથી વિદાર્થીઓને ડિજિટલ ટેકનોલોજી અંગેની માહિતી આપવામાં આવશે.

**(૨) છઠ્ઠી વર્લ્ડ કોંગ્રેસ ઓન રૂલર એન્ડ એગ્રીકલ્ચર ફાઇનાન્સનું આયોજન :**

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે છઠ્ઠી વર્લ્ડ કોંગ્રેસ ઓન રૂલર એન્ડ એગ્રીકલ્ચર ફાઇનાન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તેનું ઉદ્ઘાટન કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમન દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમનું આયોજન સમગ્ર વિશ્વમાં ગ્રામીણ અને કૃષિ ક્ષેત્રે નાના હિસ્સેદારો અને એક પ્લેટફોર્મ બનાવવાના ઉદ્દેશ્યથી અને વિશ્વના દેશો વચ્ચે વ્યાપારિક સંબંધ મજૂબત કરવા માટે કરવામાં આવ્યું હતું.
- વર્લ્ડ કોંગ્રેસ ઓન રૂરલ એગ્રીકલ્ચર ફાઇનાન્સનું પ્રથમ આયોજન વર્ષ ૨૦૦૫માં ઇથોપિયા ખાતે કરવામાં આવ્યું હતું ત્યારબાદ તેનું આયોજન દર ત્રણ વર્ષે કરવામાં આવે છે.
- નવી દિલ્હી ખાતે યોજાયેલ આ છઠ્ઠી કોંગ્રેસનું આયોજન કેન્દ્રીય કૃષિ અને ખેડૂત મંત્રાલય નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર રૂરલ ડેવલોપમેન્ટ અને રશિયા પેસિફિક રૂરલ એન્ડ એગ્રીકલ્ચર ક્રેડિટ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું.
- જેની થીમ રૂરલ એન્ડ એગ્રીકલ્ચર ફાઇનાન્સ – ક્રિટિકલ ઇનપુટ ટુ અચિવ ઇન્કલુઝીવ એન્ડ સસ્ટેનેઇબલ ડેવલોપમેન્ટ રાખવામાં આવી હતી.

**(૩) આરોગ્યક્ષેત્રેની છઠ્ઠી રાષ્ટ્રીય સમિટનું આયોજન :**

- તાજેતરમાં ગાંધીનગર ખાતે આવેલ મહાત્મા મંદિરમાં આરોગ્યક્ષેત્રની છઠ્ઠી રાષ્ટ્રીય સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સમિટનું ઉદ્ઘાટન કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન અને ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સમીટનું આયોજન Good & Replicable Practices & Innovation in Public Healthcare Systems in india થીમ પર કરવામાં આવ્યું હતું.
- આ સમિટમાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ સચિવ અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.
- સમિટમાં સુરક્ષિત માતૃત્વ માટે SUMAN ગાઇડલાઇન, માય ટેકો એપ ૨.૦ ગુજરાત અને કેલીડોસ્કોપ ઓફ હેલ્થ સર્વિસીસ ઇન ગુજરાતનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

**(૪) સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિનો વ્યાપ વધારવા પોર્ટલ લોન્ચ કરાયું**

- તાજેતરમાં ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિ દ્વારા રાજયના ખેડૂતો ઓછા પાણીએ વધુ ખેતી કરી શકે તે માટે ખેડૂત ggrs પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું.
- ગુજરાત ડીપ ઇરીગેશન પદ્ધતિની સુવિધા ઉપલબ્ધ કરાવતી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા આ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે.
- સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિનો લાભ મેળવવા માટે ખેડૂતો આ પોર્ટલમાં નોંધણી કરાવી શકશે.

પ્રશ્નો (૨૨-૧૨-૧૯)

૧ દક્ષિણ એશિયા સુરક્ષા શિખર સંમેલન ૨૦૧૯ અંતર્ગત સ્મૃતિ ઈરાનીએ કઇ વેબસાઇટ લોન્ચ કરી ?

- વિ થિંક ડીજીટલ

૨ છઠ્ઠી વર્લ્ડ કોંગ્રેસ રૂલર એન્ડ એગ્રીકલ્ચર ફાઈનાન્સનું ઉદ્ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

- નિર્મલા સિતારમન

૩ આરોગ્યક્ષેત્રે છઠ્ઠી રાષ્ટ્રીય સમિટનું આયોજન કયાં થયું હતું ?

- ગાંધીનગર

૪ સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિનો વ્યાપ વધારવા ખેડૂતો માટે કયું પોર્ટલ લોન્ચ કરાયું ?

- ખેડુત ggrs પોર્ટલ

## 23. November. 2019

**(૧) ભારત અને કતાર વચ્ચે જાયર– અલ– બાહર નામના યુદ્ધ અભ્યાસ :**

- તાજેતરમાં ભારત અને કતાર વચ્ચે જાયર–અલ–બાહર (રોર ઓફ ધ સી) નામના યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ નૌસૈનિક અભ્યાસનું આયોજન બંને દેશોની નૌસેના વચ્ચે ઇન્ટરઓપેરાબિલિટીને વધારવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું હતું.
- આ અભ્યાસમાં ભારત તરફથી મિસાઇલ સ્ટેલ્થ ફ્રીગેટ આઇએનએસ ત્રિકંદ અને પેટ્રોલ એરક્રાફ્ટ પી–૮–૧ એ ભાગ લીધો હતો.

- **આ અભ્યાસનું પ્રથમ આયોજન હતું જેમાં હવાઇ સુરક્ષા, સમુદ્રી દેખરેખ અને આતંકવાદ વિરોધી ઓપરેશનનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.**

**(૨) સ્વદેશી વિકસિત પૃથ્વી–૨ મિસાઇલનું સફળ પરિક્ષણ :**

- **તાજેતરમાં ઓડિશાના બાલસોર ખાતે સ્વદેશી વિકસિત પૃથ્વી–૨ મિસાઇલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.**
- **પૃથ્વી–૨ મિસાઇલનું આ પરીક્ષણ રાત્રિ સમયે કરવામાં આવ્યું.**
- **પૃથ્વી–૨ મિસાઇલ જમીનથી જમીન પર પોતાના લક્ષ્યને સાધનાર મિસાઇલ છે.**
- **આ મિસાઇલને ઇંટીગ્રેટેડ મિસાઇલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત DRDP દ્વારા વિકસાવવામાં આવી છે.**

**(૩) ૧૮માં ફિફા અંડર ૧૭ ફૂટબોલ વર્લ્ડ કપ ૨૦૧૯માં બ્રાઝિલ ચેમ્પિયન :**

- **તાજેતરમાં બ્રાઝિલ ખાતે યોજાયેલ ૧૮માં ફિફા અંડર ૧૭ ફૂટબોલ વર્લ્ડ કપ ૨૦૧૯માં બ્રાઝિલ ચેમ્પિયન બન્યું.**
- **બ્રાઝીલે મેક્સિકોને પરાજિત કરી આ ટાઇટલ પોતાના નામે કર્યું.**
- **બ્રાઝિલે આ ચોથી વખત ફિફા અંડર ૧૭ ફૂટબોલ વર્લ્ડ કપનું ટાઇટલ પોતાના નામે કર્યું છે.**
- **ફિફા અંડર – ૧૭ ફૂટબોલ વર્લ્ડ કપનો પ્રારંભ વર્ષ ૧૯૮૫ માં થયો હતો. આ વર્લ્ડ કપમાં સૌથી વધુ વખત જીત નાઇજીરીયાએ કુલ પાંચ વખત મેળવી છે.**
- **ફિફાની સ્થાપના ૨૦ મે ૧૯૦૪ના રોજ ફ્રાંસના પેરિસ ખાતે થઇ હતી.**
- **પુરૂનામ :** International Federation of Association Football
- **ફિફા ફૂટબોલની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું સંચાલન કરે છે.**
- **ફિફાનું આદર્શ વાક્ય –** For the game, for the world **છે. તેનું મુખ્યાલય જ્યુરીચ સ્વીટ્ઝર્લેન્ડ ખાતે આવેલ છે.**

પ્રશ્નો (૨૩-૧૨-૧૯)

૧ જાયર-અલ-બાહર (રોર ઓફ સી) નામના યુદ્ધ અભ્યાસનું આયોજન કયાં બે દેશ વચ્ચે થયું હતું ?

- ભારત અને કતાર

૨ પૃથ્વી-૨ મિસાઇલ ની રેન્જ કેટલી છે ?

- ૩૫૦ કિ.મી.

૩ પૃથ્વી-૨ મિસાઇલનું પરીક્ષણ ક્યાથી કરવામાં આવ્યું હતું ?

- ઓડિશાના બાલસોર ખાતે

૪ ૧૮માં ફિફા અંડર-૧૭ ફુટબોલ વર્લ્ડ કપ -૨૦૧૯માં કયો દેશ ચેમ્પિયન બન્યો ?

- બ્રાઝિલ

૫ ફિફાની સ્થાપના કયાં અને ક્યારે થઇ હતી ?

- ૨૦ મે ૧૯૦૪ના રોજ ફ્રાંસના પેરિસ ખાતે

## 24. November. 2019

### (૧) Road accidents in India -2018

- **તાજેતરમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલય દ્વારા** Accidents in India **–૨૦૧૮ નામનો એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.**
- **આ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૮માં દેશમાં માર્ગ દુર્ઘટનાના કારણે ૧,૫૧,૪૧૭ લોકોના મૃત્યુ થયા છે.**
- **અગાઉ જાહેર થયેલ વર્ષ ૨૦૧૭ના રિપોર્ટ કરતાં વર્ષ ૨૦૧૮માં ૨.૪% નો વધારો થયો છે.**
- **દેશમાં દર કલાકે ૫૩ માર્ગ દુર્ઘટના બને છે જેમાં સરેરાશ ૧૭ લોકો મૃત્યુ પામે છે.**
- **કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઇવે મંત્રી – નિતિન ગડકરી**

**(૨) કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ટેકનિકલ સહયોગ માટે બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન સાથે કરાર :**

- **તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ટેકનિકલ સહયોગ માટે બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન સાથે કરાર કર્યા.**
- **આ કરાર અંતર્ગત બિલ એન્ડ મેલિંડા ફાઉન્ડેશન સ્વાસ્થ્ય મંત્રાલયને ટેકનિકલ અને વ્યવસ્થાપન સહાય આપશે.**
- **બિલ એન્ડ મેલિંડા ગેટ્ટીસ ફાઉન્ડેશન પ્રાથમિક સ્વાસ્થ્યથી સંબંધિત મુદ્રાઓને મજબૂત કરવા, માતૃત્વ દરને ઘટાડવા બાળ મૃત્યુદરને ઘટાડવા અને પોષણ વધારવા માટે રસીકરણને પ્રોત્સાહન આપશે.**
- **બિલ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશનની સ્થાપના વર્ષ ૨૦૦૦ માઇક્રોસોફટ કંપનીના સ્થાપક બિલ ગેટ્સ અને તેમની પત્ની મિલિંડાગેટ્સ દ્વારા કરવામાં આવી હતી.**
- **આ સંસ્થા સ્વાસ્થ્ય ક્ષેત્રે સુધારા અને ગરીબી દૂર કરવાના કાર્ય કરે છે.**

**(૩) બિઝનેશ પર્સન ઓફ ધ યર –૨૦૧૯**

- **તાજેતરમાં ફોર્ચ્યુંન મેગેઝીન દ્વારા બિઝનેશ પર્સન ઓફ ધ યર ૨૦૧૯ની યાદી કરવામાં આવી.**
- **આ યાદીમાં ૨૦ સર્વશ્રેષ્ઠ સીઇઓને સામેલ કરવામાં આવ્યા છે.**
- **ભારતીય મૂળના માઇક્રોસોફટના સીઇઓ સત્ય નેડેલા આ યાદીમાં પ્રથમ સ્થાને છે.**

- આ યાદીમાં બીજા અને ત્રીજા સ્થાને અનુક્રમે એલિઝાબેથ ગ્રેન્સ ફોર્ટેસ્ક્યુ મેટલ ગ્રુપ અને બ્રાયન નિકોલ (ચિપોટ્લ) મેક્સીકલ ગ્રીલ છે.
- સત્ય નડેલાનો જન્મ તેલંગાણાના હૈદરાબાદ ખાતે થયો છે.

**(૪) મયંક પ્રતાપસિંહ – દેશના સૌથી યુવા જજ**

- તાજેતરમાં જયપુરના મયંક પ્રતાપસિંહે રાજસ્થાન ન્યાયિક સેવા પરીક્ષા ૨૧ વર્ષની વયે પાસ કરી.
- આ સાથે જ તેઓ આ પરીક્ષા પાસ કરનાર દેશના સૌથી યુવા વ્યક્તિ બન્યા.
- આ આ પરીક્ષા પાસ કર્યા બાદ તેઓ દેશના સૌથી યુવા જજ બન્યા છે.

પ્રશ્નો (૨૪-૧૨-૧૯)

૧ રોડ એક્સિડેન્ટ ઇન ઇન્ડિયા ૨૦૧૮ રીપોર્ટ અંતર્ગત ૨૦૧૭ કરતા ૨૦૧૮માં એક્સિડેન્ટમાં કેટલા ટકાનો વધારો થયો છે ?

- ૨.૪. ટકા

૨ કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી જણાવો ?

- નિતિન ગડકરી

૩ બિઝનેશ પર્સન ઓફ ધ યર -૨૦૧૯ અંતર્ગત પ્રથમ સ્થાને કોણ છે ?

- સત્ય નંડેલા

૪ સત્ય નંડેલાનો જન્મ ક્યાં થયો હતો ?

- હૈદરાબાદ, તેલંગાણા

૫ દેશના સૌથી યુવા- જજ બનનાર વ્યક્તિ જણાવો ?

- મયંક પ્રતાપસિંહ

## 25. November. 2019

**(૧) આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિન :**

- દર વર્ષે ૨૫ નવેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિન મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી મહિલાઓ વિરૂદ્ધ થતી હિંસાને સમાપ્ત કરવાના અને તેના પ્રત્યે જાગરૂકતા ફેલાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯ થીમ : Orange the world : Generation Euqality Stands against Rape"

**(૨) ભારતમાં પ્રથમ વખત ડે– નાઇટ મેચનું આયોજન :**

- તાજેતરમાં પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે આવેલ ઇડન ગાર્ડન સ્ટેડીયમ ખાતે ભારતમાં પ્રથમ વખત –ડે નાઇટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારત અને બાંગ્લાદેશ વચ્ચે યોજાયેલ આ ડે– નાઇટ ટેસ્ટ મેચ ગુલાબી બોલથી રમાઇ હતી.
- ગુલાબી બોલથી રમાયેલ આ મેચ ભારતીય ટેસ્ટ ઇતિહાસની પ્રથમ ટેસ્ટ મેચ હતી.
- આ ટેસ્ટ મેચનો પ્રારંભ બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઘંટ વગાડી કરાવ્યો હતો.
- આ મેચમાં ભારતે ત્રીજા દિવસે બાંગ્લાદેશને એક ઇનિંગ અને ૪૬ રનથી પરાજય આપ્યો હતો.
- આ સાથે ભારત સળંગ ચાર ટેસ્ટ મેચ એક ઇનિંગ ના માધ્યમથી જીતનારો તે વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.
- ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીની કેપ્ટનશીપ હેઠળ ભારતનો સળંગ સાતમા ટેસ્ટ વિજય હતો વિરાટ કોહલી સતત સાત ટેસ્ટ જીતનાર ભારતના પ્રથમ ક્રિકેટર બન્યો છે.
- અગાઉ આ રેકોર્ડ મહેન્દ્રસિંહ ધોનીના નામે હતો તેને કેપ્ટનશીપમાં વર્ષ ૨૦૧૩માં ભારત સતત છ ટેસ્ટ મેચ જીત્યું હતું.

**(૩) જી. સતીશ રેડી – રોયલ એરોનોટિકલ સોસાયટી ફેલોશિપ :**

- તાજેતરમાં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) ના વર્તમાન અધ્યક્ષ જી. સતીશ રેડીને લંડનમાં મેડલ અને એવોર્ડ પ્રસ્તુતિ સમારોહ દરમિયાન રોયલ એરોનોટિકલ સોસાયટી યુકે દ્વારા માનદ ફેલોશિપ એનાયત કરવામાં આવી.
- તેમને આ સન્માન દેશમાં સ્વદેશી ડિઝાઇનના વિકાસ મિસાઇલ સિસ્ટમ ગાઇડેડ મિસાઇલ્ડ એરોસ્પેસ વાહનો અને ટેકનોલોજીના વિકાસ માં તેમના યોગદાન બદલ આપવામાં આવ્યું.
- રોયલ એરોનોટિકલ સોસાયટી ફેલોશીપ એરસ્પેસમાં અસાધારણ યોગદાન બદલ આપવામાં આવતું સન્માન છે.
- જી. સતીશ રેડીનો જન્મ આંધ્રપ્રદેશ રાજ્યમાં થયો છે.

પ્રશ્નો (૨૫-૧૨-૧૯)

૧ આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિન ક્યારે મનાવાય છે ?

- ૨૫ નવેમ્બર

૨ આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિન -૨૦૧૯ની થીમ જણાવો ?

- Orange the world : Generation Euqality Stands against Rape

૩ ભારતમાં પ્રથમ વખત ડે-નાઇટ ટેસ્ટનું આયોજન ક્યાં સ્ટેડિયમમાં રમાઇ હતી ?

- ઈડન ગાર્ડન

૪ બાંગ્લાદેશના પ્રધાનમંત્રીનું નામ જણાવો ?

- શેખ હસીના

૫ તાજેતરમાં રોયલ એરોનોટિકલ સોસાયટી ફેલોશીપ કોને મળી છે ?

- જી. સતીશ રેડ્ડી

## 26. November. 2019

**(૧) બંધારણ દિવસ – ૨૬ નવેમ્બર**

- **દર વર્ષે નવેમ્બરના રોજ ભારતમાં બંધારણ દિવસ ઉજવવામાં આવે છે.**
- **આ દિવસ કાયદા દિવસ અને સંવિધાન દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.**
- **વર્ષ ૨૦૧૯માં ભારતીય બંધારણને ૭૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ દિવસની ઉજવણીના ભાગરૂપે નવી દિલ્હી ખાતે સંસદના સેન્ટ્રલ હૉલ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**
- **આ કાર્યક્રમ દરમ્યાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય બંધારણ દિવસ નિમિત્તે સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું હતું.**
- **ગુજરાત રાજ્યમાં બંધારણ દિવસની ઉજવણીના ભાગ રૂપે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી વિક્રમનાથની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.**
- **બંધારણ દિવસની આ ૭૦ મી વર્ષગાંઠ નિમિત્તે મૂળભૂત ફરજો અંગે લોકજાગૃતિ લાવવા ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરવામાં આવી આ ઝુંબેશ ૨૬ નવેમ્બર ૨૦૧૯ થી ૧૪ એપ્રિલ ૨૦૧૪ દરમિયાન ચાલશે.**
- **૧૪ નવેમ્બર બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી છે.**
- **દેશના બંધારણના નિર્માણનો પ્રથમ પ્રયાસ ૧૦ ઓગસ્ટ ૧૯૪૮ના રોજ રજૂ થયેલ નહેરૂ રિપોર્ટમાં કરવામાં આવ્યો હતો.**
- **આ રિપોર્ટને બંધારણની બ્લુ પ્રિન્ટ કહેવામાં આવે છે નહેરૂ રિપોર્ટ મોતીલાલ નેહરૂની અધ્યક્ષતામાં તૈયાર કરવામાં આવ્યો હતો.**
- **ભારતના બંધારણ માટેની ડ્રાફ્ટ સમિતિની સ્થાપના ૨૯ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ થઈ હતી તે સમિતિના અધ્યક્ષ તરીકે ભીમરાવ આંબેડકરને નિયુક્ત કરવામાં આવ્યા હતા.**
- **બંધારણ ઘડવાની કામગીરી ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસ ચાલી હતી.**
- **બંધારણના વિવિધ ભાગોના અભ્યાસ માટે બંધારણ સભાની કુલ ૧૬૬ બેઠકો મળી હતી.**
- **૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણને સ્વીકારવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ તેને અમલમાં મૂકવામાં આવ્યું.**
- **ભારતીય બંધારણ વિશ્વનું સૌથી લાંબુ લેખિત બંધારણ છે.**

**(૨) નેશનલ મિલ્ક ડે – ૨૬ નવેમ્બર :**

- **દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ ભારતમાં નેશનલ મિલ્ક ડે ઉજવવામાં આવે છે.**
- **વર્ષ ૨૦૧૪ થી દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ નેશનલ મિલ્ક ડે મનાવવામાં આવે છે.**
- **આ દિવસ ડૉ. વર્ગીસ કુરિયનની જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે.**
- **ડૉ. વર્ગીસ કુરિયનનો જન્મ ૨૬ નવેમ્બર ૧૯૨૧ના રોજ કેરળના કાલિકટ ખાતે થયો હતો.**
- **તેમણે વર્ષ ૧૯૬૫માં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) ની સ્થાપના કરી હતી.**
- **તેઓ શ્વેત ક્રાંતિના જનક તરીકે ઓળખાય છે.**
- **વિશ્વ દૂધ દિવસ ૧ જૂનના રોજ ઉજવાય છે.**

**(3) રાજ્યવ્યાપી શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ :**

- **તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગર ખાતે ગુજરાતમાં રાજ્યવ્યાપી શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો**
- **આ કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષની ઉંમરના શાળાએ જતા તથા શાળાએ ન જતા બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવામાં આવશે.**
- **આ કાર્યક્રમ ૨૫ નવેમ્બર ૨૦૧૯ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ સુધી ચાલશે જેમાં ૧.૫. કરોડ થી વધુ બાળકોની તપાસ કરવામાં આવશે.**
- **રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા ખાતે આવેલ ઇસંડ ગામ ખાતેથી આ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો કર્યો હતો.**

પ્રશ્નો (૨૬-૧૨-૧૯)

૧ બંધારણ દિવસ ક્યારે ઉજવાય છે ?

- ૨૬ નવેમ્બર

૨ બંધારણ દિવસ બીજા કયા નામે ઓળખાય છે ?

- કાયદા દિવસ અને સંવિધાન

૩ ગુજરાતના રાજ્યપાલ જણાવો ?

- આચાર્ય દેવવ્રત

૪ ભારત બંધારણ ક્યારે અમલમાં મૂક્યું હતું ?

- ૨૬ જાન્યુઆરી ૧૯૫૦

૫ નેશનલ મિલ્ક ડે ક્યારે મનાવાય છે ?

- ૨૬ નવેમ્બર

૬ વિશ્વ દુધ દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧ જુન

## 27. November. 2019

**(૧) યુએસ કેપિટલ બિલ્ડીંગ ખાતે ઈન્ડિયા ફોર હ્યુમનિટી– જયપુર ફુટ ઇવેન્ટ :**

- **તાજેતરમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યુએસ કેપિટલ બિલ્ડીંગ ખાતે ઇન્ડિયા ફોર હ્યુમનિટી – જયપુર ફુટ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું.**
- **આ ઇવેન્ટનું આયોજન ભારતીય દૂતાવાસ અને જયપુર ફૂટ યુએસએ દ્વારા કરવામાં આવ્યું હતું.**
- **ઇન્ડિયા ફોર હ્યુમનિટી એક પહેલ છે. જેને ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા ઓક્ટોબર ૨૦૧૮માં મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મજયંતી નિમિત્તે લોન્ચ કરવામાં આવી હતી.**
- **આ પહેલ માનવતા માટે ગાંધીજીની સેવાઓના સન્માનમાં શરૂ કરવામાં આવી હતી.**
- **આ પહેલ અંતર્ગત ભારત સરકારની નાણાકીય સહાયથી વિશ્વના અલગ અલગ દેશોમાં કૃત્રિમ અંગ ફિટમેટ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.**
- **જયપુર ફૂટ એક કૃત્રિમ પગ છે. જે વ્યક્તિને ઘૂંટણથી નીચેનો પગ નથી તેમના માટે આ કૃત્રિમ પગને લોન્ચ કરવામાં આવ્યો છે.**
- **આ માટે દક્ષિણ કોરિયા અને ભગવાન મહાવીર દિવ્યાંગ સહાયતા સમિતિ વચ્ચે કરાર કરવામાં આવ્યા છે.**
- **કરાર અંતર્ગત કૃત્રિમ પગના નિર્માણ માટે દક્ષિણ કોરિયા નાણાંકીય તેમજ ટેકનિકલ સહાયતા પ્રદાન કરશે.**
- **ભગવાન મહાવીર દિવ્યાંગ સહાયતા સમિતિનું મુખ્યાલય રાજસ્થાનના જયપુર ખાતે આવેલ છે.**
- **આ સમિતિ દેશ અને વિશ્વના ૧.૭૮ મિલિયન દિવ્યાંગ લોકો માટે કાર્ય કરતું વિશ્વનું સૌથી મોટું સંગઠન છે.**

**(૨) અમદાવાદ અને રાજકોટ વચ્ચે સેમી હાઇસ્પીડ ટ્રેન પ્રોજેક્ટને મંજૂરી :**

- **તાજેતરમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ગુજરાત અમદાવાદ અને રાજકોટ વચ્ચે સેમી હાઇસ્પીડ ટ્રેન પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી.**
- **આ પ્રોજેક્ટથી અમદાવાદ– મુંબઇ હાઇસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ સાથે જોડવામાં આવશે જેનાથી રાજકોટ અને મુંબઇ વચ્ચેની મુસાફરીમાં સરળતા થશે.**
- **આ પ્રોજેક્ટમાં જમીન સંપાદનમાં વધારે સમસ્યા ન આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ રાજકોટ વચ્ચેના નેશનલ હાઇવે નંબર –૪૭ની બાજુમાં જ ટ્રેન કોરિડોર બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યું છે.**

**(૩) મહેસુલ ક્રાંતિ :**

- **તાજેતરમાં ગુજરાત રાજ્યના નાગરિકોને મહેસુલ સેવાઓ સરળતાથી મળી રહે તે માટે રાજ્ય સરકારના મહેસુલ વિભાગ દ્વારા લેવમાં આવેલ વિવિધ નિર્ણયની જાણકારી નાગરિકોને મળી રહે તે માટે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.**
- **આ કાર્યક્રમને મહેસુલ ક્રાંતિ નામ આપવામાં આવ્યું હતું.**
- **રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષાને યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ** iORA-2.0 **એપ્લિકેશનનો શુભારંભ કરાવ્યો હતો.**
- **આ એપ્લિકેશનના માધ્યમથી વારસાઇ નોંધ સુધારા હુકમ મરજી જમીન ખરીદવા પરવાનગી બિનખેતી પ્રીમિયમ સાથે બિનખેતી પરવાનગી ખેડૂત ખાતેદાર કરાય બિનખેતીની પ્રોવિઝનલ મંજૂરી વારસાઇ નોંધ જેવી મહેસુલ વિભાગ સંબંધિત ઓનલાઇન સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.**
- **આ સિવાય મહેસુલ વિભાગ દ્વારા** Any RoR @ any where, Web Bhulekh, Garvi Application, iRCMS **જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**

પ્રશ્નો (૨૭-૧૨-૧૯)

૧ જયપુર ફુટ શું છે ?

- કૃત્રિમ પગ

૨ ભગવાન મહાવીર દિવ્યાંગ સહાયતા સમિતીનું મુખ્યાલય કયાં આવેલું છે ?

- જયપુર, રાજસ્થાન

૩ મહેસુલ ક્રાંતિ કાર્યક્રમનું આયોજન કયાં થયું હતું ?

- મહાત્મા મંદિર, ગાંધીનગર.

૪ મહેસુલ ક્રાંતિ કાર્યક્રમ અંતર્ગત વિજયભાઇ રૂપાણીએ કઈ એપ્લીકેશન લોન્ચ કરી ?

- ioRA-2.0

## 28. November. 2019

**(૧) ઇસરો દ્વારા ૧૪ ઉપગ્રહનું સફળ લોન્ચિંગ :**

- તાજેતરમાં ઇસરો દ્વારા આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલ સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી ૧૪ ઉપગ્રહનું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું.
- આ ઉપગ્રહનું લોન્ચિંગ પીએસએલવી–XL-C47 નામના રેકોર્ડની મદદથી કરવામાં આવ્યું.
- ઇસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલ ૧૪ ઉપગ્રહ પૈકી એક ઉપગ્રહ ભારતનો હતો અન્ય ૧૪ નેનો ઉપગ્રહ અમેરિકાના હતા.
- ભારત દ્વારા લોન્ચ કરવામાં આવેલ આ ઉપગ્રહનું નામ કાર્ટોસેટ –૩ છે.
- આ ઉપગ્રહ ભારત દ્વારા IRS સિરીઝ ઉપગ્રહને સ્થાને લોન્ચ કરાવમાં આવ્યું છે.
- આ ઉનાળામાં વિશ્વનો સૌથી શક્તિશાળી કેમેરો ગોઠવવામાં આવ્યો છે જે પૃથ્વીનું નિરીક્ષણ કરશે.
- પૃથ્વીથી ૫૦૯ કિલોમીટરની ઊંચાઇએ રમણ કક્ષામાં આ ઉપગ્રહ કેમેરાના માધ્યમથી જમીન પર રહેલી ૨૫ સેન્ટીમીટર સુધીની વસ્તુઓના ફોટા પાડવા સક્ષમ છે.
- આ ઉપગ્રહની મદદથી નકશા બનાવવા રોડ નેટવર્ક પર દેખરેખ રાખવા તથા સરહદી અને સમુદ્રી સુરક્ષામાં મદદ મળશે જેનો લાભ દેશની લશ્કરી કાર્યવાહી થશે.
- આ ઉપગ્રહનું વજન ૧૬૨૫ કિલોગ્રામ છે.

**(૨) ડેવિસ કપ – ૨૦૧૯ :**

- તાજેતરમાં ફેબ્રુઆરી ૨૦૧૯ થી નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન ૧૦૮મી ડેવિસ કપ ટૂર્નામેન્ટ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ટૂર્નામેન્ટની ફાઇનલ મેચ સ્પેનની જીત થઇ છે.
- કેનેડાને પરાજિત કરી સ્પેને આ ટુર્નામેન્ટ છઠ્ઠી વખત જીતી છે.
- ડેવિસ કપએ આંતરરાષ્ટ્રીય પુરૂષ તેની ટૂર્નામેન્ટ છે જેનો પ્રારંભ વર્ષ ૧૯૦૦ માં થયો હતો.

**(૩) મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી પદે ઉદ્ધવ ઠાકરે :**

- તાજેતરમાં મહારાષ્ટ્રમાં યોજાયેલ ૧૪ મી વિધાનસભાની ચૂંટણી બાદ મહારાષ્ટ્રમાં શ્રી ઉદ્ધવ ઠાકરે નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
- તેમણે મહારાષ્ટ્રમાં શિવસેના અને એનસીપી અને કોંગ્રેસ સાથે મળી મહા વિકાસ અઘાડી ગઠબંધન સરકારની રચના કરી છે.
- ૨૮ નવેમ્બરના રોજ શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે મુંબઇના શિવાજી પાર્ક સ્ટેડિયમ ખાતે યોજાયેલ શપથવિધિ સમારોહમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશિયારી સમક્ષ શપથ લીધા.
- તેઓ મહારાષ્ટ્રના ૧૯માં મુખ્યમંત્રી બન્યા છે.
- ઉદ્ધવ ઠાકરેના શપથ લીધા અગાઉ ૨૩ નવેમ્બરના રોજ ભાજપના દેવેન્દ્ર પટેલ વિશે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે બીજી વખત શપથ લીધા હતા.
- પરંતુ શપથના ૮૦ કલાક બાદ તેમણે રાજ્યના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું.
- દેવેન્દ્ર ફડણવીસ સૌથી ઓછા સમય માટે મુખ્યમંત્રી બનનાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી છે.
- દેશમાં કોઇ રાજ્યમાં સૌથી ઓછા સમય માટે મુખ્યમંત્રી બનવાનો રેકોર્ડ જગદંબિકા પાલના નામે છે તેઓ ઉત્તરપ્રદેશ રાજ્યના ૪૪ કલાક માટે મુખ્યમંત્રી બન્યા હતા.

પ્રશ્નો (૨૮-૧૨-૧૯)

૧ ભારત દ્વારા IRS સિરીઝ ઉપગ્રહને સ્થાને ક્યો ઉપગ્રહ લોન્ચ કર્યો ?

- કાર્ટોસેટ -૩

૨ કાર્ટોસેટ-૩ ઉપગ્રહનું વજન કેટલું છે ?

- ૧૬૨૫ કિલોગ્રામ

૩ ડેવિસ કપ-૨૦૧૯ વિજેતા ટીમ જણાવો ?

- સ્પેન

૪ ડેવિસ કપ કઇ રમત સાથે સંકળાયેલ છે ?

- ટેનિસ

૫ મહારાષ્ટ્રના સૌથી ઓછા સમય માટે મુખ્યમંત્રી બનનારનું નામ જણાવો ?

- દેવેન્દ્ર ફડણવીસ

## 29. November. 2019

**(૧) ગુજરાત રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે શ્રી અનિલ મૂકીમ**

- તાજેતરમાં ગુજરાત રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે શ્રી અનિલ મૂકીમ નિમણૂક કરવામાં આવી.
- તેઓ જે.એન. સિંઘનું સ્થાન લેશે.
- ૧૯૮૫ બેચના ગુજરાત કેડરના આઇએએસ અધિકારી અનિલ મુકીમનું પુરૂનામ અનિલ ગોપીશંકાર મુકિમ છે.
- તેઓ આ અગાઉ કેન્દ્ર સરકારના ખાણ ખનીજ વિભાગના સચિવ તરીકે સેવા આપતા હતા.
- તેઓ વર્ષ ૨૦૦૧માં ગુજરાત રાજ્યના તત્કાલિક મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના અગ્ર સચિવ તરીકે સેવા આપતા હતા.

**(૨) ફાસ્ટેગ :**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ ૧ ડિસેમ્બર થી ભારતભરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ

પરના ટોલ પ્લાજા પર ફક્ત ફાસ્ટેગ દ્વારા જ ટોલ સ્વીકારવામાં આવશે.

- ટોલ પ્લાઝા પરના સ્કેનિંગ એરિયાને જ્યારે વાહન પાર કરશે ત્યારે આપમેળે ટોલની ચુકવણી ડિજિટલ માધ્યમથી થઈ જશે.
- આ નિર્ણય કેન્દ્ર સરકારની One nation one fastag યોજના અંતર્ગત નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવ્યો છે જેનો ઉદ્દેશ્ય ટોલ પ્લાઝા પર સમય ન બગડે તે છે.
- ફાસ્ટેગ દ્વારા તેની સાથે જોડાયેલ પ્રિપેઇડ અથવા બેંકના બચત ખાતામાંથી ડિરેક્ટ ટોલ વસુલવામાં આવશે.
- આ માટે રેડિયો ફિક્વન્સી આર્ટિફિકેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.
- હાલ પ્રોજેક્ટના ભાગરૂપે કર્ણાટક આંધપ્રદેશ અને હરિયાણા જેવા રાજ્યોના રાજ માર્ગમાં ફાસ્ટેગ દ્વારા ટોલ વસુલવામાં આવશે.
- ગુજરાતમાં ૧૫ ડિસેમ્બર થી ફાસ્ટેગ શરૂ થવાની જાહેરાત કરવામાં આવી છે.

**(૨) બે.એલ.આર. મિસાઇલનું ઇન્ડિયન આર્મી દ્વારા પરીક્ષણ :**

- તાજેતરમાં ઇન્ડિયન આર્મી દ્વારા મધ્યપ્રદેશના મહુ ખાતે આવેલ ઇન્ફન્ટ્રી આર્મી સ્કૂલ ખાતે આર્મી ચીફ જનરલ બિપિન રાવતની ઉપસ્થિતિમાં બે.LR મિસાઇલ્સનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- જેમાં સ્પાઇક એન્ટી ટેન્ક મિસાઇલ અને બ્રહ્મોસ મિસાઈલના પરીક્ષણ કરવામાં આવ્યા હતા.
- સ્પાઇક એન્ટી ટેન્ક મિસાઇલ 4th જનરેશનની મિસાઇલ છે.
- જે પોતાના ૪ કિમી રેન્જના લક્ષ્ય પર પ્રહાર કરવા સક્ષમ છે.
- તેને ઇઝરાયેલની રાફેલ એડવાન્સ ડિફેન્સ સિસ્ટમ દ્વારા વિકસાવવામાં આવી છે.
- આ મિસાઇલ હ્યુમન પોર્ટેબલ મિસાઇલ છે તેનો ઉપયોગ વાહન કે હેલિકોપ્ટરની મદદથી પણ થઇ શકે છે.
- બ્રહ્મોસ મધ્યમ રેન્જની સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ છે.
- તેનો ઉપયોગ સબમરીન, સમુદ્રી જહાજ, લડાકુ વિમાન અને જમીન પરથી કરવામાં આવે છે.
- આ મિસાઇલ રશિયાની NPO અને ભારતની ડીઆરડીઓ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી છે.
- આ મિસાઇલનું નામ ભારતની બ્રહ્મપુત્ર નદી અને રશિયાની મોસ્કવા નદી પરથી રાખવામાં આવ્યું છે.
- બ્રહ્મોસ મિસાઇલને નવેમ્બર ૨૦૦૬માં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી હતી.

પ્રશ્નો (૨૯-૧૨-૧૯)

૧ ગુજરાત રાજયના નવા મુખ્ય સચિવનું નામ જણાવો ?

- શ્રી અનિલ મુકીમ

૨ ગુજરાતના ફાસ્ટેગની શરૂઆત ક્યારે થઇ ?

- ૧૫ ડિસેમ્બર -૨૦૧૯

૩ ફાસ્ટેગનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા કઈ યોજના અંતર્ગત લેવામાં આવ્યો ?

- One nation one fastag

૪ બે.એલ.આર. મિસાઈલ કયા જનરેશનની છે ?

- સ્પાઈક એન્ટિ ટેન્ક મિસાઈલ 4th જનરેશન

૫ બ્રહ્મોસ મિસાઈલને ભારતીય સેનામાં ક્યારે સામેલ કરવામાં આવી હતી ?

- નવેમ્બર ૨૦૦૬

૬ મોસ્કવા નદી કયા દેશમાં આવેલ છે ?

- રશિયા

## 30. November. 2019

**(૧) ૨૦૧૮ના સાહિત્ય ગૌરવ પુરસ્કાર – શ્રી મોહમ્મદ માંકડ**

- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૮ના સાહિત્ય ગૌરવ પુરસ્કાર માટે ગુજરાતી સાહિત્યકારશ્રી મોહમ્મદ માંકડની પસંદગી કરવામાં આવી હતી.
- આ અંતર્ગત ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ શ્રી મોહમ્મદ માંકડના ગાંધીનગરના નિવાસસ્થાને તેમને આ પુરસ્કાર અર્પણ કર્યા.
- શ્રી મોહમ્મદ માંકડનું પુરૂનામ શ્રી મોહમ્મદ વલીભાઇ માંકડ છે.
- તેમનો જન્મ ગુજરાત બોટાદ જિલ્લાના પાળીયાદ ખાતે ૧૩ ફેબ્રુઆરી ૧૯૨૫ના રોજ થયો હતો.
- તેઓ ગુજરાતના પ્રસિદ્ધ નવલકથાકાર ટૂંકીવાર્તાકાર કટારલેખક અનુવાદક અને બાળ વાર્તાકાર છે.
- તેમની નવલકથામાં કાયર, ધુમ્મસ, અજાણ્યા બે જણ, ખેલ, દંતકથા, અશ્વદોડ વગેરેનો સમાવેશ થાય છે.
- તેઓ ગુજરાત સમાચારમાં પ્રસિદ્ધ થતી કેલિડોસ્કોપ નામની કોલમના લેખક હતા જેનાથી તેઓ ખૂબ જ લોકપ્રિય બન્યા હતા.
- તેમને સાહીત્ય ક્ષેત્રે યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાતી સાહિત્ય પરિષદ એવોર્ડ જેવા સન્માન એનાયત થાય છે.
- **સાહિત્ય ગૌરવ પુરસ્કાર**

- ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા દર વર્ષે ગુજરાતી હિન્દી સંસ્કૃત ઉર્દૂ અને કચ્છી એમ કુલ છ ભાષામાં મહત્વનું યોગદાન કરનાર ટોચના સાહિત્યકારોને સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવે છે.
- આ પુરસ્કાર વિજેતા સાહિત્યકારને એક પ્રતિમા સાલ અને એક લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.
- વર્ષ ૧૯૮૩માં સૌપ્રથમ વખત શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- વર્ષ ૨૦૧૭માં આ પુરસ્કાર દિનકર જોષીને એનાયત થયો હતો.

(૨) લોકપાલનો લોગો અને આદર્શ વાક્ય લોન્ચ કરવામાં આવ્યા.

- તાજેતરમાં દેશના પ્રથમ લોકપાલ જસ્ટિસ પિનાકીચંદ્ર ઘોષે લોકપાલનો લોગો અને આદર્શ વાક્ય લોન્ચ કર્યું.
- લોકપાલનો લોગો માટે MYGOV પ્લેટફોર્મ પર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સ્પર્ધામાં ઉત્તરપ્રદેશના પ્રયાગરાજના વતની પ્રશાંત મિશ્રા દ્વારા ડિઝાઇન કરવામાં આવેલ લોગોની પસંદગી કરવામાં આવી છે.
- લોકપાલનું આદર્શવાક્ય 'મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્' નક્કી કરવામાં આવ્યું છે. જેનો અર્થ કોઇની સંપતિની લાલચ ન કરો થાય છે.
- દેશના પ્રથમ લોકપાલ પિનાકીચંદ્ર ઘોષ છે.

**લોકપાલ :**

- લોકપાલ ભારતની બંધારણીય સંસ્થા છે.
- લોકપાલ વર્તમાન તેમજ પૂર્વ વડાપ્રધાન, વર્તમાન તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી, સંસદસભ્યો, સરકારી તેમજ જાહેરક્ષેત્રના કર્મચારીઓ અને ૧૦ લાખથી વધુ વિદેશી યોગદાન મેળવતા એનજીઓની તપાસ કરી શકે છે.
- લોકપાલમાં ૧ અધ્યક્ષ અને વધુમાં વધુ ૮ સભ્યોની નિમણૂક હોય છે.
- સમિતિના આઠ સભ્યો પૈકી ચાર સભ્યો ન્યાયપાલિકાના હોય છે. જ્યારે બાકીના ચાર સભ્યોમાં એસસી., એસટી, ઓબીસી, લઘુમતી અને મહિલા હોવા ફરજિયાત છે. તેમની વાય ૭૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
- લોકપાલના અધ્યક્ષ બનવા માટે ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અથવા સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશની લાયકાત જરૂરી છે.
- લોકપાલ સમિતિમાં એક અધ્યક્ષ અને વધુમાં વધુ આઠ સભ્યો હોય છે.
- લોકપાલ અધ્યક્ષ અને સભ્યોનો સમયગાળો ૫ વર્ષનો છે.

**લોકપાલ ઇતિહાસ :**

- ભારતમાં સૌપ્રથમ લોકપાલ શબ્દનો પ્રયોગ વર્ષ ૧૯૬૩માં શ્રી લક્ષ્મીમલ સિંઘિયા દ્વારા કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૧૯૬૬માં ઇન્દિરા ગાંધી સરકાર દ્વારા મોરારજી દેસાઇની અધ્યક્ષતામાં ભારતમાં લોકપાલની જરૂરિયત વ્યક્ત કરવામાં આવી હતી.
- વર્ષ ૧૯૬૮માં સૌપ્રથમ લોકપાલ બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું.
- વિશ્વના સૌ પ્રથમ લોકપાલની નિમણૂક વર્ષ ૧૮૦૯ માં સ્વીડન ખાતે કરવામાં આવી હતી.

પ્રશ્નો (૩૦-૧૨-૧૯)

૧ ૨૦૧૮ના સાહિત્ય ગૌરવ પુરસ્કાર વિજેતા તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ?

- શ્રી મોહમ્મદ માંકડ

૨ મોહમ્મદ માંકડનો જન્મ કયાં થયો હતો ?

- પાળીયાદ, બોટાદ

૩ ગુજરાત સમાચારમાં કઇ કોલમથી મોહમ્મદ માંકડ પ્રસિદ્ધ થયા હતા ?

- કેલિડોસ્કોપ

૪ પ્રથમ ગૌરવ સાહિત્ય પુરસ્કાર કોને એનાયત થયો હતો ?

- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

૫ દેશના પ્રથમ લોકપાલનું નામ જણાવો ?

- પિનાકીચંદ્ર ઘોષ

૬ લોકપાલના અધ્યક્ષનો સમયગાળો કેટલો હોય છે ?

- ૫ વર્ષ

૭ વિશ્વના સૌપ્રથમ લોકપાલની નિમણૂક કયા દેશે કરી હતી ?

- સ્વીડન

Vivekanand Academy Gandhinagar